RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 199, Dt.09-11-2024 Saturday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# આંગણવાડીમાં કાર્યરત બહેનોને કાયમી કર્મચારીના પગાર - લાભો આપવા આદેશ

## ગુજરાત હાઈકોર્ટનો મહત્વનો ચૂકાદોઃ ગુજરાત સહિત દેશના ૨૪ લાખથી વધુ આંગણવાડી બહેનો માટે આનંદના સમાચાર

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

અમદાવાદ: ગુજરાત અને દેશભરમાં આંગણવાડીમાં કાર્યરત બહેનો અને સહાયકો સહિતના ૨૪ લાખ બહેનો માટે આગામી સમયમાં સોનાનો સૂરજ ઉગી શકે છે. ગુજરાત હાઈકોર્ટે એક મહત્વના ચૂકાદામાં આંગણવાડી વર્કર અને આંગણવાડી હેલ્પર તરીકે કામ કરતા અને ફિક્સ પગાર- કોન્ટ્રાકટ આધારીત કર્મચારીઓને રાજય અને કેન્દ્ર સરકારના કાયમી કર્મચારી તરીકે સમાવી લેવા એક નીતિ બનાવવા આદેશ આપ્યો હતો.

હાઈકોર્ટના ન્યાયમૂર્તિ નિખિલ એસ. કારિયલ એ તેમના આદેશમાં આંગણવાડીના મહિલા કર્મચારીઓને કોન્ટ્રાકટ આધારીત ફિક્સ પગારની નિયુક્તિ એ બેરોજગાર મહિલાઓની કોઈ સોદાબાજી નહી કરી શકવાની સ્થિતિનો લાભ ઉઠાવાતો હોવાનું સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું. ખાસ કરીને તેમાં ગ્રામીણ ક્ષેત્રમાં આ પ્રકારની સ્થિતિ વધુ જોવા મળે છે.

જસ્ટીસ નિખીલ કારિયલે કેન્દ્ર અને રાજય સરકારોને આંગણવાડી કર્મચારીઓને કાયમી સરકારી નોકરી જેવા તમામ લાભ મળી રહે તે માટે એક સંકલીત ખાસ વિકાસ યોજના હેઠળ એક અલગ કેડર બનાવી અને કેન્દ્રના ગ્રાન્ટવાળી પોલીસી તૈયાર કરવા જણાવ્યુ હતું. આ આદેશ ગુજરાત સિવિલ સર્વિસ (કલાસીફીકેશન એન્ડ રીક્રુટમેન્ટ) (જનરલ) રૂલ ૧૯૬૭ હેઠળ અપાયો હતો.

હાઈકોર્ટે આ ઉપરાંત આંગણવાડીમાં કામ કરતા કર્મચારીઓના લઘુતમ પગલા એ રાજય સરકારના કલાસ-૩ અને કલાસ-૪ હેઠળ આવતા પદોના સમકક્ષ કરવા પણ જણાવ્યુ હતું. આ ઉપરાંત હાઈકોર્ટ આંગણવાડી કર્મચારીઓના એરીયર્સ ચુકવવા અને તેના માટે એક કટ ઓફ ડેટ પણ નિશ્ચિત કરવા જણાવ્યું હતું.

આ માટે હાઈકોર્ટ ૨૦૧૫માં પીટીશન થયાના ત્રણ વર્ષની કાર્યવાહી તે માપદંડ ગણવા આદેશ આપ્યો હતો. આંગણવાડીમાં કામ કરતા મહિલામાં આંગણવાડી વર્કરને મહિને રૂા.૧૦૦૦૦ અને સહાયકને રૂા.૫૦૦૦ પ્રતિ માસ આપવામાં આવે છે અને આ રકમ કલાસ-૪ના કર્મચારીઓને મળતા પગારની સરખામણીમાં ૪ કલાકના કામ માટે પણ અત્યંત ઓછા હોવાનું નિરીક્ષણ વ્યક્ત કર્યુ હતું.



હાઈકોર્ટે આ ઉપરાંત કેન્દ્ર અને રાજયને આંગણવાડી કર્મચારીઓને કાયમી સરકારી કર્મચારી બનાવવા માટેની નીતિ આ ચૂકાદો હાઈકોર્ટના પોર્ટલમાં અપલોડ કરાયાની તારીખના છ માસમાં તૈયાર કરવા પણ સૂચના આપી હતી.

આ ચૂકાદો ગત સપ્તાહે જ પોર્ટલ પર અપલોડ થઈ ગયા છે. હાઈકોર્ટ તેના આદેશમાં એ પણ જણાવ્યું હતું કે સરકાર આ અંગે કોઈ યોગ્ય નિર્ણય લે તે સમયગાળામાં આંગણવાડીના કર્મચારીઓને સરકારના કલાસ-૩ અને કલાસ-૪ના કર્મચારીઓના લઘુતમ વેતન જેટલો પગાર આપવાનો રહેશે. ૨૦૧૫માં આંગણવાડીમાં કામ કરતા હજારો કર્મચારીઓએ હાઈકોર્ટમાં એક અરજી કરીને જણાવ્યું હતું કે તેઓ ૧૦ વર્ષ કે વધુ સમયથી આંગણવાડીમાં કામ કરી રહ્યા છે અને તેમાં તેઓ નોકરીની કોઈ ગેરેન્ટી વગર લઘુતમ પગાર મેળવે છે. આ પદો પર કામ કરતી મહિલાઓ સાથે તે મોટો ભેદભાવ છે અને તેમનું શોષણ થાય છે. આ અરજદારોએ ઈન્ટીગ્રેટેડ ચાઈલ્ડ ડેવલપમેન્ટ સર્વિસ યોજના હેઠળ આ રીતે અપાતી નિયુક્તિએ બંધારણીય જોગવાઈનો ભંગ છે.

હાઈકોર્ટે પણ નોંધ્યુ કે આંગણવાડી અને સરકારી કર્મચારીઓ વચ્ચે આ રીતે ભેદભાવ કરવામાં આવે છે અને તેમની કામગીરી સામે જે વેતન ચૂકવાય છે તે તેમની કામગીરી જે એક પ્રી-સ્કુલ શિક્ષક, કાઉન્સીલર, કોઓર્ડીનેટર- પબ્લીક રીલેશન મેનેજર- કલાર્ક આ તમામનો સમન્વય છે.ઉપરાંત તેઓએ સવારે ૯.૪૫ થી બપોરના ૩.૪૫ સુધી આંગણવાડી સંભાળવાની રહેશે.

# પાકિસ્તાનના ક્વેટામાં રેલવે સ્ટેશને જોરદાર વિસ્ફોટઃ ૨૧ લોકોનાં મોત

**મુખ્ય સમાચાર,કવેટા**

પાકિસ્તાનના ઉત્તર-પશ્ચિમ બલૂચિસ્તાનથી એક મોટા સમાચાર સામે આવ્યા છે. અહીં એક ભયાનક વિસ્ફોટની માહિતી મળી રહી છે. આ વિસ્ફોટ ક્વેટા રેલવે સ્ટેશનની નજીકમાં થયો હતો જેમાં ૨૧ લોકોએ જીવ ગુમાવી દીધા છે. જ્યારે અન્ય ૩૦થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયાની માહિતી મળી રહી છે. આ ઘટના સાથે જ બલૂચિસ્તાનમાં ફરી અરાજકતા ફેલાઈ છે. પાકિસ્તાની મીડિયાના અહેવાલો અનુસાર આ વિસ્ફોટ રેલવે સ્ટેશનના બુકિંગ કાર્યાલયની પાસે થયો હતો. ટ્રેન પ્લેટફોર્મ પર પહોંચે તે પહેલાં જ આ ભયાનક વિસ્ફોટ થયો હતો. જોકે વિસ્ફોટ સમયે પ્લેટફોર્મ પર પ્રવાસીઓની મોટી ભીડ હોવાને



કારણે મોટાપાયે જાનહાનિ સર્જાઇ હોવાના અહેવાલ છે. પોલીસ અને બચાવકર્મીએ ઘટનાસ્થળે પહોંચીને ત્વરિત કાર્યવાહી શરૂ કરી હતી. ક્વેટાની સિવિલ હોસ્પિટલમાં પણ ઈમરજન્સી જાહેર કરી દેવામાં આવી છે અને વધારાના ડોકટરો અને સહાયક કર્મચારીઓને તહેનાત કરી દેવામાં આવ્યા છે.

રેલવેના અધિકારીઓના એહવાલ અનુસાર જાફર એક્સપ્રેસ સવારે ૯ વાગ્યે પેશાવર માટે રવાના થવાની હતી. વિસ્ફોટ થતાં જ ટ્રેનને અટકાવી દેવામાં આવી છે અને હજુ તે પ્લેટફોર્મ પર પહોંચી નથી. વિસ્ફોટ એટલો ભયાનક હતો કે અફરાતફરીનો માહોલ સર્જાયો છે. મૃતકાંક વધવાની આશંકા વધી ગઈ છે.

# ગણદેવીમાં ટ્રાન્સપોર્ટ ગોડાઉનમાં ભીષણ આગ:ત્રણ જીવતા ભૂંજાયા

**મુખ્ય સમાચાર,નવસારી**

ગણદેવીના દેવસર નજીક ટ્રાન્સપોર્ટના ગોડાઉનમાં ભીષણ આગ લાગી છે. આગને કારણે ગોડાઉનમાં ફસાયેલા કામદારોમાંથી ૩ લોકોના મોત થયા છે. દુર્ઘટનાને પગલે બીલીમોરા, ગણદેવી, નવસારી અને ચીખલી સહિતની ફાયર વિભાગની ટીમો અને બીલીમોરા પોલીસ ઘટના સ્થળે પહોંચી છે.

ગુજરાતના નવસારી જિલ્લાથી ચોંકાવનારી ઘટના સામે આવી છે. નવસારીના ગણદેવીમાં ટ્રાન્સપોર્ટ ગોડાઉનમાં વહેલી સવારે ભીષણ આગ લાગવાથી ત્રણ લોકો આગમાં બળી મોતને ભેટ્યાં છે. આ સિવાય અન્ય ત્રણ લોકો પણ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયાં છે. તેમજ હજું અનેક લોકો આગમાં ફસાયા હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. આગની ઘટનાની જાણ થતાં જ ફાયરની ટીમ તુરંત ઘટના સ્થળે પહોંચી આગ ઓલવવાનો પ્રયાસ કરી રહી છે.

નવસારી જિલ્લાના ગણદેવીનાં ટ્રાન્સપોર્ટ ગોડાઉનમાં વહેલી સવારે ભીષણ આગ લાગી હતી. ગોડાઉનમાં જ્યારે ટ્રકમાંથી બેરલ ખાલી કરવામાં આવી રહ્યાં હતાં, ત્યારે એકાએક તેમાં ભડકો થયો. આ ભડકો થતાંની સાથે જ તેણે તુરંત આગનું વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું. ભડકો થતાંની સાથે જ ત્રણ લોકો આગની લપેટમાં આવતાં ત્યાંને ત્યાં જ જીવતા ભૂંજાઈ ગયાં છે, તેમજ ત્રણ લોકો ગંભીર રીતે ઘાયલ થયા હોવાની માહિતી સામે આવી છે.

આગની ઘટના સામે આવતાં જ તુરંત ફાયર વિભાગને બોલાવવામાં આવ્યું હતું. જોકે, આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરતાં બીલીમોર, ગણદેવી, નવસારી અને ચીખલી જેવા વિસ્તારોમાંથી પણ ફાયરની ટીમોને બોલાવવામાં આવી છે. ફાયરની ટીમ સમગ્ર આગ પર કાબૂ મેળવવાનો પ્રયાસ કરી રહી છે. સ્થાનિકોના જણાવ્યા અનુસાર, હજુ ત્રણ મજૂર ગોડાઉનમાં ફસાયા હોવાની આશંકા છે.

પોલીસ પાસેથી મળતી માહિતી મજુબ, ટ્રકમાંથી કેમિકલના બેરલ ખાલી કરતાં અઅચાનક આગ લાગી હતી. નીચે પણ ઘણી જગ્યાએ કેમિકલ ઢોળાયું હોવાના કારણે આગે વિકરાળ સ્વરૂપ લીધું હતું. હાલ આગ પર કાબૂ મેળવી ફસાયેલા લોકોને બચાવવાના પ્રયાસ કરવામાં આવી રહ્યાં છે. મૃતદેહોને બહાર કાઢી તેમની ઓળખ કરવામાં આવી રહી છે અને





ઈજાગ્રસ્તને તાત્કાલિક ધોરણે વલસાડની હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. આ અંગે ઉજડ ભગીરથસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, ઘટનાની જાણ થતાં અમારો પોલીસ સ્ટાફ અને ફાયર ફાયટરની ટીમો ઘટનાસ્થળે પહોંચી ગઇ છે. ટ્રકમાંથી કેમિકલના બેરલ ખાલી કરતાં અચાનક આગ લાગી હતી અને નીચે પણ કેમિકલ ઢોળાયેલું હોવાથી આગ ઝડપથી પ્રસરી હતી. અત્યારે આગ પર કાબૂ મેળવવાના પ્રયત્નો ચાલું છે. લગભગ આગ કાબૂમાં આવી ગઇ છે. અત્યારે ત્રણ ડેડબોડી બહાર કાઢી છે. જ્યારે ત્રણ ઈજાગ્રસ્તો છે. જેમાં એકને વધુ ઈજાઓ પહોંચી હોવાથી વલસાડ ખસેડવામાં આવ્યો છે. જ્યારે બે લોકોને લોકલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. અત્યારે બચાવ કામગીરી ચાલું છે.

# ભાવનગરથી ભરૂચ વચ્ચે દરિયામાં દેશનો સૌથી મોટો 30 કિ.મી.નો બ્રિજ બનશે

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલય તથા ભારતમાલા પરીયોજના એન્ડ સ્પેશિયલ પ્રોજેક્ટ સેલ દ્વારા દેશભરમાં ૮ નવા પ્રોજેક્ટ લોન્ચ કરવામાં આવ્યા છે. એમાંથી બે પ્રોજેક્ટ (પેકેજ) ગુજરાતને મળ્યા છે. પહેલો પ્રોજેક્ટ જામનગરથી વાયા રાજકોટ થઈને ભાવનગર સુધી ૨૪૮ કિલોમિટર ફોર અથવા સિક્સલેન બનાવવાનો છે.

જયારે બીજો પ્રોજેક્ટ ભાવનગરથી ભરૂચ સુધી ૬૮ કિલોમિટર ફોર અથવા સિક્સલેન બનાવવાનો છે. એમાં દરિયામાં અંદાજે ૩૦ કિલોમિટર લાંબો બ્રિજ પણ બનશે. બંને પ્રોજેક્ટ મળી કુલ ૩૧૬ કિલોમીટરનો લાંબો નવો એક્સપ્રેસવે (કોરીડોર) બનશે. જોકે જામનગરથી રાજકોટ અને રાજકોટથી ભાવનગર હાલના રૂટને રિનોવેટ કરીને પ્રોજેક્ટમાં સમાવેશ કરવામાં આવશે કે રૂટમાં ફેરફાર કરાશે એની વિગત પણ હજી મળી શકી નથી.૧૫ કંપનીએ ડીપીઆર માટે બીડ કરી ગુજરાતના બંને પ્રોજેક્ટના ડીપીઆર (ડિટેલ્ડ પ્રોજેક્ટ રિપોર્ટ્સ) માટે કેન્દ્રીય માર્ગ અને વાહનવ્યવહાર મંત્રાલયે ટેન્ડર બહાર પાડ્યાં હતાં, ગઈ ૨૬ જૂનના રોજની બીડની જાહેરાત કરવામાં આવી હતી અને ૪ નવેમ્બરના રોજ બીડની અંતિમ તારીખ હતી. ગુજરાતના બંને પ્રોજેક્ટ માટે કુલ ૧૫ કન્સલ્ટન્ટ કંપનીએ બીડ કરી છે.જામનગર-રાજકોટ-ભાવનગર એક્સપ્રેસ વે માટે ૧૨ કંપની તેમજ ભાવનગર-ભરૂચ એક્સપ્રેસ વે માટે ૩ કંપનીએ બીડ કરી છે. હાલ આ તમામ બીડનું ટેક્નિકલ મૂલ્યાંકન ચાલી રહ્યું છે. બાદમાં ક્વાલિફાઈ બીડરમાંથી જેમણે સૌથી ઓછા રૂપિયાની બીડ કરી હશે તેને સર્વેનું કામ સોંપવામાં આવશે. કંપનીએ ૫૪૦ દિવસમાં ડીપીઆર તૈયાર કરીને આપવાનો રહેશે.

સૌરાષ્ટ્રથી સુરત-મુંબઈ નજીક આવી જશે આ પ્રોજેક્ટથી સૌરાષ્ટ્ર અને સુરત તથા મુંબઈ સુધીનું અંતર ઘટી જશે. હાલ સૌરાષ્ટ્રથી સુરત જવું હોય તો વાયા બગોદરા કે વડોદરા થઈને જવું પડે છે. આ રૂટ પર જામનગથી સુરત સુધીનું અંતર અંદાજે ૫૨૭ કિલોમીટર જેટલું થાય છે. હવે જો નવો જામનગર-ભાવનગર-ભરૂચ એક્સપ્રેસવે બની જશે તો જામનગર અને સુરત વચ્ચેનું અંતર ઘટીને ૩૯૨ કિલોમીટર થઈ જશે.એ જ રીતે રાજકોટથી સુરત વચ્ચે હાલ અંદાજે ૪૩૬ કિમીનું અંતર છે, એ ૧૧૭ કિમી ઘટીને ૩૧૯ કિમી જેટલું



રહી જશે. જ્યારે સોમનાથથી વાયા વડોદરા થઈને સુરત જતા હાલ ૬૨૭ કિમી અંતર થાય છે, એ ૨૧૫ કિમી ઘટીને માત્ર ૪૧૨ કિમી જેટલું જઈ જશે. સૌરાષ્ટ્રમાં સૌથી વધુ ફાયદો ભાવનગરને થશે, કેમ કે ભાવનગરથી સુરત જવા માટે હાલ બહુ ફરીને જવું પડે છે અને ૩૫૭ કિમી જેટલું અંતર થાય છે.જો નવો એક્સપ્રેસ બની જશે અને દરિયામાં ૩૦ કિમી લાંબો બ્રિજ બની જશે તો ભાવનગરથી ૧ કલાકમાં સીધું ભરૂચ પહોંચી શકાશે. તેમજ ભાવનગરથી સુરતનું અંતર ૨૪૩ કિમી ઘટી જશે. બંને શહેર વચ્ચે માત્ર ૧૧૪ કિમીનું અંતર રહેશે, જે કાપતા બે કલાકનો સમય પણ નહીં લાગે. અંતર ઘટી જવાથી વાહનોના ઈંધણના ખર્ચમાં અબજો રૂપિયાની બચત થશે.

# નેવી ઓફીસરને ડીજીટલ એરેસ્ટ રાખી ૩૨ લાખ પડાવ્યા

**મુખ્ય સમાચાર,દહેરાદુન**

ભારતમાં વધતા ડીજીટલ ટ્રેન્ડ વચ્ચે સાઈબર ગુનાખોરીનું પ્રમાણ પણ સતત વધી રહ્યું છે. કેટલાંક વખતથી ડીજીટલ એરેસ્ટનાં નામે લાખોની ઠગાઈના કિસ્સા સામે આવી જ રહયા છે. ત્યારે એક મર્ચન્ટ નેવી ઓફીસર પણ સાઈબર માફીયાઓની ઝપટે ચડી ગયા હતા. તેઓને ૨૪ કલાક સુધી ડીજીટલ એરેસ્ટ રાખીને ૩૨ લાખ પડાવી લેવામાં આવ્યા હતા.

મુંબઈ કાઈમ બ્રાંચ તથા સીબીઆઈના અધિકારી તરીકેની ઓળખ આપીને દહેરાદુનનાં મર્ચંટ નેવી ઓફીસરને સાઈબર માફીયાઓએ ૨૪ કલાક ડીજીટલ એરેસ્ટ રાખ્યા હતા. પાર્સલમાં



પાસપોર્ટ કેડીટકાર્ડ તથા કેફી પદાર્થો હોવાનું કહીને ઓફીસરને ધમકાવ્યા હતા. વીડીયો કોલ મારફત પાર્સલ વિશે પૂછપરછ કરી હતી અને ૨૪ કલાકમાં ધરપકડ કરવાનું વોરંટ દેખાડ્યુ હતું.

તત્કાળ મુંબઈ પોલીસ સ્ટેશને પહોંચતા અથવા વીડીયો કોલ સતત ચાલુ રાખવાની સુચના આપી હતી.સુપ્રિમ કોર્ટ તરફથી ઈસ્યુ થઈ હોય તેવી એક નોટીસ પણ ફટકારી હતી. કયાંય બહાર નહી નીકળવાનું ફરમાન કર્યુ હતું.

સતત ૨૪ કલાક ડીજીટલ એરેસ્ટ તરીકે રાખ્યા હતા. તેમના નામે ૫૭ લાખની લેવડદેવડ થયાનું દર્શાવ્યુ હતું.ખાતામાંથી ૩૨ લાખ ટ્રાન્સફર કરવાનો હુકમ કર્યો હતો. જે તેઓએ ટ્રાન્સફર કરી દીધા હતા અને પછી છેતરાયાનો અહેસાસ થયો હતો.

# ઝારખંડના મુખ્યમંત્રી હેમંત સોરેનનાં પર્સનલ સેક્રેટરીના નિવાસસ્થાને આવકવેરાના દરોડા

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

ઝારખંડ વિધાનસભાની ચૂંટણીને આડે ગણતરીના દિવસો જ બાકી છે તેવા સમયે મુખ્યમંત્રી હેમંત સોરેનનાં પર્સનલ સેક્રેટરીના નિવાસસ્થાન સહીતના સ્થળોએ આવકવેરા વિભાગે મોટાપાયે દરોડા ઓપરેશન હાથ ધરતાં ખળભળાટ સર્જાયો છે. રાંચી-જમશેદપુર સહિતના શહેરોમાં અંદાજીત દોઢ ડઝન સ્થળોએ દરોડા કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

ચૂંટણી પૂર્વે જ આવકવેરા દરોડાના તીવ્ર રાજકીય પ્રત્યાઘાતો પડવાની પણ આશંકા વ્યકત કરવામાં આવી રહી છે. સુત્રોમાંથી સાંપડેલી માહિતી પ્રમાણે ઝારખંડનાં મુખ્યમંત્રી હેમંત સોરેનના અંગત સચીવ સુનિલ શ્રીવાસ્તવ તથા તેમની સાથે સંકળાયેલા લોકો, પર આજે સવારથી આવકવેરા વિભાગે મોટાપાયે દરોડા ઓપરેશન શરૂ કર્યુ હતું. રાંચીમાં સાત તથા જમશેદપુરમાં નવ સ્થળોએ સામુહીક દરોડા કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

તેમના નિવાસસ્થાન ઉપરાંત ઓફીસ તથા અન્ય ખાનગી સ્થળોને પણ નિશાન બનાવવામાં આવ્યા હતા.હવાલા મારફત નાણાંકીય વ્યવહારો થયા હોવાની બાતમીનાં આધારે આ કાર્યવાહી કરવામાં આવી રહી છે.

સુનીલ શ્રીવાસ્તવ મુખ્યમંત્રી હેમંત સોરેનનાં અંગત સચીવ હોવા ઉપરાંત ઝારખંડ મુકિત મોરચાની કેન્દ્રીય સમિતિનાં શહેરોમાંથી



અધિકારીઓના કાફલાને ઉતાર્યો હતો.૧૦૦ થી વધુ અધિકારીઓ દ્વારા તપાસ કરવામાં આવી રહી છે.

દરોડાના કોઈ ઉગ્ર પ્રત્યાઘાતો ન પડે તે માટે ચુસ્ત સુરક્ષા બંદોબસ્ત પણ રાખવામાં આવ્યો હતો. રાજયમાં ચૂંટણી ટાણે મુખ્યમંત્રીના પીએ પર દરોડાના રાજકીય પ્રત્યાઘાતો પડવાની આશંકા છે કેન્દ્ર સરકાર કેન્દ્રીય એજન્સીઓનો રાજકીય ઉપયોગ કરતી હોવાના આક્ષેપો થતા જ રહ્યા છે.

# બીટકોઈનમાં નવી તેજી : કિંમત રેકોર્ડબ્રેક ઉંચાઈએ પહોંચી

## અમેરિકાની ચૂંટણીમાં ડોનાલ્ડ ટ્રમ્પની ઐતિહાસીક જીતને પગલે બીટકોઈનમાં તેજી

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

અમેરિકાની ચૂંટણીમાં ડોનાલ્ડ ટ્રમ્પની ઐતિહાસીક જીતને પગલે બીટ કોઈનમાં નવી તેજી સર્જાઈ છે અને કિંમત નવી-નવી રેકોર્ડબ્રેક ઉંચાઈએ પહોંચવા લાગી છે. બિટકોઈનની કિંમત હવે ૭૬૯૫૧ ના નવા સ્તરે પહોંચી છે. ઉતાર-ચઢાવ વચ્ચે તેનુ મુલ્ય ટુંકા ગાળામાં એક લાખ ડોલરને પાર થઈ જવાનું અનુમાન નિષ્ણાંતો દર્શાવી રહ્યા છે.

બિટકોઈનની તેજી પાછળનું મુખ્ય કારણ અમેરિકન ચૂંટણીમાં ડોનાલ્ડ ટ્રમ્પની જીતનું છે તેઓએ ગોલ્ડ રીઝર્વની જેમ ક્રિપ્ટો કરન્સીનો વ્યુહાત્મક ભંડાર બનાવવાનું પ્રચાર દરમ્યાન જાહેર કર્યુ હતું.

ક્રિપ્ટો કરન્સી ક્ષેત્રનાં નિષ્ણાંત રજત ગેહલોતે જણાવ્યું હતું કે અમેરિકામાં બાઈડન સરકારે ઓપરેશન ચોકપોઈન્ટ ઉપરાંત ક્રિપ્ટો કંપનીઓ સામે વ્યવહાર કરનારી બેંકો પર કેસ કર્યા હતા તેને કારણે ક્રિપ્ટો ઉદ્યોગ ભયભીત બન્યો હતો અને મનોબળ નબળુ પડયુ હતું.

ટ્રમ્પે પ્રચાર દરમ્યાન ક્રિપ્ટોને પ્રોત્સાહન આપવા તથા તે માટેની નીતિ ઘડવાનું વચન આપ્યું હતું અને હવે તેઓ વિજેતા બનતા તેજી થઈ છે. આ સિવાય અમેરિકામાં ચાર વર્ષે વ્યાજદર ઘટાડાની સાયકલ શરૂ થઈ છે.ફેડરલ રીઝર્વે ઉપરાઉપરી બે વખત વ્યાજદરમાં કુલ ૦.૭૫ ટકાનો ઘટાડો કર્યો છે.

નિષ્ણાંતોએ કહ્યું કે, બિટ કોઈનનો કલોટીંગ સ્ટોક ઓછો છે.તેવા સમયે



નાણા-રોકાણ વધી જાય તો મોટો ફેર પડી શકે છે.૨૦૨૨ તથા ૨૦૨૩ માં વ્યાજદરમાં વધારાથી બિટકોઈનમાં મંદી જોવા મળી હતી. હવે વ્યાજદર ઘટવા લાગતા ઈન્વેસ્ટરો જોખમી એસેટસમાં વધુ રોકાણ કરી રહયા છે.

અમેરીકામાં લીસ્ટેડ બીટકોઈન ઈટીએફમાં છેલ્લા બે સપ્તાહમાં ચાર અબજ ડોલર ઠલવાયા છે.બિટકોઈનને ઘણા લોકો શંકાની નજરે નિહાળતા હતા. પરંતુ અમેરીકી માર્કેટ રેગ્યુલેટરની મંજુરી ધરાવતા બિટકોઈન ઈટીએફનો વ્યાપ વધતા રોકાણકારોનો દ્રષ્ટિકોણ બદલાઈ રહ્યો છે.

# કાલાવડના હરિપર મેવાસા ગામમાં ફટાકડા ફોડવાને લઈ બબાલ, ફાયરિંગમાં ૩ મહિલાઓ સહિત ૫ લોકો ઈજાગ્રસ્ત

**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગર જિલ્લાનાં કાલાવડ તાલુકાનાં હરિપર મેવાસા ગામે ફટાકડા ફોડવા બાબતે એક જ કોમના સુમરા જ્ઞાતિના બે જુથ વચ્ચે અથડામણમાં ફાયરીંગ થતા બાળકી સહિત ત્રણ મહિલા મળી પાંચને ઈજા થતા સારવાર માટે જામનગર જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવેલ છે.

કાલાવડ તાલુકાના હરિપર મેવાસા ગામે ફટાકડા ફોડવા બાબતે બે જુથ વચ્ચે તકરાર થતા કાર લઈને આવેલા ત્રણ લોકોએ રહેણાંક મકાન ઉપર ફાયરીંગ કરતા ત્રણ મહિલા અને બે પુરૂષો સહિત પાંચ લોહીલુહાણ થતા તમામને જામનગર જી.જી. હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયા છે. આ બનાવના પગલે પોલીસ અધિકારીઓ સ્ટાફ સાથે ઘટના સ્થળે દોડી જઈ ચાંપતો બંદોબસ્ત ગોઠવી સીસીટીવી ફુટેજ આધારે ફાયરીંગ કરી નાસી જનારા શખ્સોની શોધખોળ આદરી છે.પોલીસના સબ સલામતી અને કાયદાની કડક અમલવારીના દાવા વચ્ચે પણ જામનગર જિલ્લામાં આરોપીઓ ફાટીને ધુમાડે ગયા છે. કાયદાનો ડર તો ઠીક પણ જામનગર જિલ્લામાં કાયદો જ ન હોય તે આરોપીય ખુલ્લેઆમ ગુનાને અંજામ આપી રહ્યા છે. જેની ચાડી ખાતી ઘટના કાલાવડ તાલુકાના હરીપર મેવાસા ગામે સામે આવી છે. જેમાં ફટાકડા ફોડવા જેવી નજીકની બાબતે ફાયરિંગ થતા સમગ્ર ગામમાં સોંપો પડી ગયો હતો. ફાયરિંગના આ બનાવમાં ત્રણ મહિલા સહિત પાંચ વ્યક્તિઓને ઈજા પહોંચતા તાત્કાલિક જામનગરની જી.જી. હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે. આ બનાવને પગલે જામનગર જિલ્લામાં કાયદો અને



વ્યવસ્થાની સ્થિતિ સામે સો માણસનો સવાલ ઊભો થયો છે.

સમગ્ર જિલ્લામાં ચર્ચા ઘટનાની વિગત એવી છે કે જામનગર જિલ્લાના કાલાવડ તાલુકાના હરિપર મેવાસા ગામે એક રહેણાંક મકાન પર ફાયરિંગ કરવામાં આવ્યું હતું. ગત મોડી રાત્રે કાલાવડ તાલુકાના હરિપર મેવાસા ગામમાં કોમના બે જૂથ વચ્ચે ફટાકડા ફોડવા બાબતે બોલાચાલી થઈ હતી. હરિપર મેવાસા રહેતા તાજુંનભાઈ કાસમભાઈ હલાની પોતાના પરિવારજનો સાથે ફટાકડા ફોડી રહ્યા હતા.આ દરમિયાન આરોપી યુનુસ આવ્યો અને કહ્યું હતું કે આ ગામમાં તમારાથી ફટાકડા ના ફોડાઈ! કેમ કંઈ બોલાચાલી કરી હતી. બાદમાં બ્લેક સ્કોરપીઓમાં સવાર થઈ આવેલા ચાર શખ્સોએ સમગ્ર વિસ્તારને બાનમાં લીધો હતો. આરોપી યુનુસ તૈયબ અને યુનુસ તથા આસિફ સહિતના શખ્સો છરી અને બંદૂક સાથે ઘસી આવ્યા હતા જ્યાં આરોપી યુનિસે બે રાઉન્ડ ફાયરિંગ કર્યા હતા. આ ઘટનામાં સિમરન તાજુંનભાઈ હલાની, તમન્ના હલાની, આયસુબેન ફિરોજ હલાની, અસલીહાંન શકીલ મથુપોત્રા નામના ૫ લોકોની લોહી લુહાણ હાલત થઈ હતી. આ ઘટનાને પગલે ઈજાગ્રસ્ત થયેલા પાંચે પાંચ લોકોને તાબડતોબ સારવારથી જામનગરની જી.જી. હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા.બનાવની જાણ થતાં પોલીસ કાફલો ઘટના સ્થળે પહોંચી આગળ તપાસ હાથ ધરી છે. મહત્વનું છે કે આ અગાઉ પણ યુસુફ નામના શખ્સ સામે કલમ નંબર ૩૦૭ હેઠળ ગુન્હો નોંધાઈ ચૂક્યો છે.

# અંબાજીમાં સગીરાને છ શખ્સોએ લીફ્ટ આપી જંગલમાં આચર્યુ સામુહિક દુષ્કર્મ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

અંબાજી નજીકના ગામમાં રહેતી ૧૫ વર્ષીય સગીરા ગબ્બર રોડ પર થઈને ચાલતા જઈ રહી હતી તે દરમિયાન ઘોડા ટાંકણી ગામના યુવકો બાઈક લઈને નીકળ્યા હતા અને લિફ્ટ આપવાનું કહી સગીરાને બાઈક પર બેસાડી છાપરી રોડ પર લઈ ગયા હતા. જ્યાં અન્ય શખ્સોએ સાથે મળી તેને જાડી વિસ્તારમાં લઈ જઈ વારાફરતી દુષ્કર્મ ગુજાયું હતું. આ અંગે સગીરાની માતાએ અંબાજી પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપી શખ્સોને ઝડપી પાડવા તપાસ હાથ ધરી છે. અંબાજી નજીકના ગામમાં રહેતી એક સગીરા સોમવારે સાંજે ચાર વાગ્યાના સુમારે ગબ્બર નજીક રહેતા મોટા બાપાના ઘરે જવા નીકળી હતી. તેણી ગબ્બર સર્કલ ઊભી હતી ત્યારે દાંતા તાલુકાનો લાલાભાઈ નાનાભાઈ પરમાર બાઈક લઈને આવ્યો હતો એની પાછળ અજાણ્યા બે શખ્સો બેઠા હતા જેમણે ક્યાં જવું છે ની પુચ્છા કરી બાઈક પર બેસાડી છાપરી રોડ પર લઈ ગયા હતા. જ્યાં રસ્તામાં અન્ય ત્રણ શખ્સો ઉભા હતા. જયાં લાલા પરમાર સગીરાને જાડીમાં ખેંચી ગયો હયો અને લાલા પરમાર સહિત છ જણાએ વારાફરતી દુષ્કર્મ ગુજાયું હતું. આમ સગીરાના પરિચિત યુવકે અન્ય યુવકો સાથે મળી અને સગીરાને પીંખી નાંખતા અર્ધબેભાન હાલતમાં પરત અંબાજી તરફ લાવી અને છોડી દીધી હતી.અને



જ્યારે સગીરા ઘરે પહોંચી ત્યારે પરિવારજનોના હોંશ ઉડી ગયા અને એટલી હદે ડરી ગયા કે પોલીસ મથકે પણ બે દિવસ બાદ પહોંચ્યા અને પોલીસ મથકે જઈ સઘળી હકીકત જણાવતા પોલીસે સગીરાના સ્વજનની ફરીયાદ લઈ અંબાજી પોલીસે અલગ અલગ ટીમો બનાવી દુષ્કર્મ કરનાર તત્વોને ઝડપી પાડવા દૂર અંતરના ગામો સહિત જંગલ વિસ્તારમાં તપાસ હાથ ધરી હોવાનું જાણવા મળ્યું છે.

# જામનગરમાં સંત શિરોમણી પૂ. જલારામ બાપાની ૨૨૫મી જન્મ જયંતીની ઉજવણી





**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગરમાં સંત શિરોમણી પૂ. જલારામ બાપાની ૨૨૫મી જન્મ જયંતીની ઉજવણી નિમિત્તે જલારામ જયંતી મહોત્સવ સમિતિ, જામનગર લોહાણા મહાજન સહિતના રઘુવંશી સંગઠનો દ્વારા એમ.પી.શાહ કોલેજના મેદાનમાં નિર્મિત જલારામ નગરમાં પરંપરાગત રીતે માસ્તાન ભોજન (બ્રહ્મભોજન) તથા લોહાણા સમાજના નાત જમણનું આયોજન કરવામાં આવ્યું પૂ. જલારામ બાપાની મહાઆરતી કરવામાં આવી હતી. ત્યારપછી માસ્તાન ભોજન (બ્રહ્મભોજન) યોજાયું હતું અને એ પછી લોહાણા સમાજનું નાત જમણ સંપન્ન થયું હતું. જલારામ જયંતી નિમિત્તે સતત ૨૫ મા વર્ષે આ આયોજન થયું હતું. હજારો રઘુવંશીઓએ મહાપ્રસાદનો લાભ લઈ પદેને કો ટુકડો ભલો-લેને કો હરીનામથ ના સુત્રને આધારે અન્નસેવાના પૂ. જલારામ બાપાના અનંત પ્રતાપી આશીર્વાદની અનુભૂતિ કરી હતી.જલારામ નગરમાં આયોજીત બ્રહ્મભોજન . આ તકે આયોજકો પૈકીના જીતુભાઈ લાલ સહિતના અગ્રણીઓ દ્વારા ધનરાજભાઈનું સ્વાગત અભિવાદન કરવામાં આવ્યું હત. દ્વારા સમગ્ર આયોજનની પ્રશંસા કરી કરી શુભેચ્છાઓ પાઠવામાં આવી હતી.

# મોરબી સીટી બી ડિવિઝન પોલીસની સફળ કામગીરી, ઘરફોડ ચોરી કરનાર ચીખલી ગેંગના સાગરીતને પકડી પાડ્યો

## ઘરફોડ ચોરીઓમાં સંડોવાયેલા ચોરની ધરપકડ સાથે પોલીસે સોના-ચાંદીના ઘરેણા અને મોટરસાયકલનો મુદ્દામાલ કબ્જે કર્યો

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબીના ઈન્દીરાનગર અને વીસીપરા વિસ્તારોમાં ઘરફોડ ચોરીઓને અંજામ આપનારા ચીખલીગર ગેંગના એક સાગરીતની સીટી બી ડિવિઝન પોલીસ ટીમે સીસીટીવી ફુટેજ અને મળેલ બાતમીના આધારે આરોપીને પકડી પાડ્યો છે, પોલીસે પકડાયેલ આરોપી પાસેથી રૂ.૨૧,૦૯૨/-ના સોના-ચાંદીના ઘરેણાં તથા ચોરીમાં ઉપયોગમાં લેવાયેલ હોન્ડા સાઈન મોટરસાયકલ સહિત કુલ રૂ.૫૬,૦૯૨/- નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. મોરબી શહેરમાં છેલ્લા થોડા સમયથી મકાનમાં ઘરફોડ ચોરીની ઘટનાઓ વધી રહી હતી. શહેરના ઈન્દીરાનગર તથા વીસીપરા વિસ્તારમાં રહેણાંક મકાનમાં રાત્રિ દરમિયાન ચોરીના બનાવો બનતા મોરબી જીલ્લા પોલીસવડા રાહુલ ત્રીપાઠીની કડક સૂચના અને માર્ગદર્શન હેઠળ આરોપીઓને પકડી પાડવા મોરબી સીટી બી ડિવિઝન પોલીસ સ્ટેશનના પો.ઈન્સ. એન.એ. વસાવા તથા સર્વેલન્સ સ્ટાફે વિશેષ તપાસ શરૂ કરી હતી. પોલીસ ટીમે શહેરમાં અલગ-અલગ વિસ્તારોના આશરે ૨૦૦ જેટલા સીસીટીવી ફુટેજ તપાસી, આ સાથે ટેકનિકલ ટીમ અને હ્યુમન સોર્સ દ્વારા મળેલી બાતમીને આધારે બી ડિવિઝન પોલીસ મથકની સર્વેલન્સ ટીમ નવલખી ફાટક નજીક વોચમાં હોય જે દરમિયાન શંકાસ્પદ હોન્ડા સાઈન મોટરસાયકલ ત્યાંથી પસાર થતા તેને રોકી સઘન પૂછપરછ કરતા આ શખ્સે અગાઉ મોરબીના ઈન્દીરાનગર અને વીસીપરા



વિસ્તારમાં ઘરફોડ ચોરીઓ કર્યાની કબૂલાત આપતા પોલીસે ચીખલીગર ગેંગના સાગરીત આરોપી સોનુસિંહ શેરસિંહ રણજીતસિંહ ખીરચી લુહાર ઉવ.૧૯ રહે.જામનગર ખોડિયાર કોલોનીવાળાની સ્થળ ઉપરથી અટકાયત કરી હતી. પકડાયેલ આરોપી અગાઉ પણ ચોરીના ગુનાઓમાં સંડોવાયેલો હોવાનું પણ સામે આવ્યું હતું. આ સાથે પોલીસે આરોપી પાસેથી ૮ ચાંદીના સાકળા તથા સોનાના અલગ-અલગ ઘરેણા મળી કુલ રૂ. ૨૧,૦૯૨/- આ ઉપરાંત ચોરી કરવા માટે ઉપયોગમાં લેવામાં આવેલ હોન્ડા સાઈન મોટરસાયકલ રજી.નં. જીજે-૧૦-ઈએ-૯૭૫૧ કિ.રૂ.૩૫ હજાર એમ કુલ રૂ.૫૬,૦૯૨/-નો મુદ્દામાલ કબ્જે કરી આરોપી વિરુદ્ધ ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

વધુમાં પકડાયેલ ચીખલીગર ગેંગના ચોર આરોપીઓ ભૂંડ પકડવાનો ધંધો કરતા હોય, જેઓ અલગ અલગ વિસ્તારમાં ભૂંડ પકડવા જતા હોય ત્યારે દિવસ દરમિયાન રેકી કરીને રાત્રીના તાળા મારેલ ઘરોને નિશાન બનાવી ઘરફોડ ચોરીને અંજામ આપતા હોવાનું પોલીસ તપાસમાં ખુલવા પામ્યું છે.

# મોરબી સબ જેલમાંથી ૪૦ ફાકી પકડાયાના પ્રકરણમાં જેલરની રાજકોટ જેલમાં બદલી

## મોરબીમાં નવા જેલર તરીકે રાજપીપળાના એચ.એ. બાબરિયાની નિમણુંક







**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી સબ જેલમાં પણ બંધાણી કેદીઓને ફાકીની સુવિધા અપાતી હોવાનું સામે આવ્યું છે. આ સુવિધાઓ આપવા અંગે મોરબી જેલના જેલરની બેદરકારી સામે આવતા તેમની તાત્કાલીક અસરથી રાજકોટ જેલમાં બદલી કરવામાં આવી છે.

સુત્રોમાંથી મળતી વિગતો અનુસાર મોરબી સબ જેલમાં કેદીઓને અપાતી સુવિધાઓની ઉચ્ચ અધિકારીઓ સુધી ફરિયાદ ગયા બાદ જેલ આઈજી સ્ક્વોડ દ્વારા જેલની તપાસ કરવામાં આવી હતી. જે દરમિયાન મોરબી સબ જેલમાંથી ૪૦ ફાકી પકડાઈ હતી. આમ આવી ખામી સામે આવતા જેલ તંત્ર દ્વારા મોરબી સબ જેલના જેલર સુજાનસિંહ ચુડાસમાની તાત્કાલિક અસરથી રાજકોટ મધ્યસ્થ જેલમાં જેલર તરીકે બદલી કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે સુજાનસિંહ ચુડાસમાની વડોદરાથી દોઢેક મહિના પહેલા જ મોરબી જેલમાં બદલી કરવામાં આવી હતી. તેમની જગ્યાએ હવે રાજપીપળાથી એચ.એ. બાબરીયાની નવા જેલર તરીકે નિયુક્તિ કરવામાં આવી છે. સુત્રોમાંથી માહિતી મળી છે કે, સુજાનસિંહની ગઈ કાલે જ રાજકોટ ખાતે બદલી કર્યાનો હુકમ છૂટતા તેઓ આવતી કાલે રાજકોટ જેલમાં હાજર થાય તેવી શક્યતા છે.

# મોરબીમાં ૦૯-૧૦ નવેમ્બરના રોજ નિઃશુલ્ક કેન્સર નિદાન કેમ્પનું આયોજન

## ■ મુંબઈના કેન્સર નિષ્ણાત સર્જન ડો. વિક્રમભાઈ સંઘવી નિઃશુલ્ક તપાસ કરશે

**મુખ્ય સમાચાર,મોરબી**

શ્રી ડી.સી. મહેતા સાર્વજનિક ડિસ્પેન્સરી ટ્રસ્ટ, નવાડેલા રોડ ખાતે આગામી ૦૯ અને ૧૦ નવેમ્બર ૨૦૨૪ના રોજ નિઃશુલ્ક કેન્સર નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પનું આયોજન શ્રી વિશાશ્રીમાળી વણિક જ્ઞાતિ સંચાલિત મહેતા કુટુંબ દ્વારા દર બે મહિને નિઃશુલ્ક સેવા પ્રદાન કરવા માટે કરવામાં આવે છે.

આ ૧૯૦ માં કેન્સર નિદાન કેમ્પ સ્વ. ઠાકર બટુકલાલ ત્રંબકલાલ તથા સ્વ. ઠાકર ભાવેશભાઈ બટુકલાલના સ્મરણાર્થે દાનરૂપે આયોજિત કરવામાં આવ્યો છે.

મુંબઈના કેન્સર નિષ્ણાત સર્જન ડો. વિક્રમભાઈ સંઘવી (ખ.જ.) આ કેમ્પમાં નિઃશુલ્ક તપાસ કરશે અને જરૂરી માર્ગદર્શન આપશે. તેઓ શનિવારે ૦૯ નવેમ્બરના રોજ સાંજે ૪:૦૦ થી ૭:૦૦ અને રવિવારે ૧૦ નવેમ્બરના રોજ સવારે ૯:૦૦ થી ૧૨:૦૦ દરમિયાન દર્દીઓને સેવાઓ પ્રદાન કરશે.

દર્દીઓએ ડીસ્પેન્સરીના મેનેજર મયુરભાઈ વોરાના મો. ૯૫૩૭૦૯૯૨૧૯ પર અગાઉથી નોંધણી કરાવી અને કેમ્પમાં આવેલાં દર્દીઓએ પોતાના મેડિકલ રેકોર્ડ સાથે લાવવું ફરજિયાત છે, તેમ સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી ભાવેશભાઈ વી. શાહ દ્વારા જણાવવામાં આવ્યું છે.આ કેમ્પ મોરબી અને આજુબાજુના વિસ્તારોમાં આરોગ્ય સેવા પ્રદાન કરવાના આશય અંતર્ગત આયોજન કરવામાં આવે છે.

# હળવદના કોયબા ગામ નજીક મોટર કારની ટક્કરે બાઈક સવાર બે સગાભાઈઓ ઘાયલ

હળવદઃ ધ્રાંગધ્રા-માળીયા હાઈવે ઉપર એક ગમખ્વાર અકસ્માતનો બનાવ સામે આવ્યો છે, જેમાં મોટર કારે બાઈકને ટક્કર મારતા બાઈક ઉપર જઈ રહેલા બે સગા ભાઈઓને હાથ-પગ અને છાતીની પાસળીઓમાં ગંભીર ઈજાઓ પહોંચી હતી. મળતી માહિતી અનુસાર હળવદ તાલુકાના ક્વાડીયા ગામે રહેતા વિનોદભાઈ શંકરભાઈ મણદરીયા ઉવ.30 એ હળવદ પોલીસ મથકમાં મોટર કાર રજી.નં. જીજે-૨૭-સીએફ-૪૦૯૩ ના ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી કે ગઈ તા.૦૬/૧૧ ના રોજ વિનોદભાઈ અને તેમના નાનાભાઈ નાગજીભાઈ બાઈક રજી.નં. જીજે-૩૬-એએમ-૬૩૭૭ લઈને જતા હોય તે દરમિયાન ધ્રાગધ્રા-માળીયા હાઈવે રોડ પર કોયબા ગામના પાટીયા પાસે આવેલ કટ પાસે ઉપરોક્ત મોટર કાર ચાલકે પોતાની કાર સ્પીડમાં ચલાવી વિનોદભાઈના બાઈકને સાઈડમાંથી જોરદાર ટક્કર મારી અકસ્માત સર્જ્યો હતો, આ દુર્ઘટનામાં ફરીયાદી વિનોદભાઈને જમણા હાથમાં મૂંઢ ઈજા તથા છાતીમાં પાસળીઓમાં ગંભીર ઈજા અને ડાબા પગે ફ્રેક્ચર થયો હતો, જ્યારે તેમના નાનાભાઈ નાગજીને પણ જમણા પગે ફ્રેક્ચર જેવી ગંભીર ઈજા પહોંચી હતી. હાલ હળવદ પોલીસે આરોપી મોટરકારના ચાલક સામે ગુનો દાખલ કરી આગળની તપાસ ચલાવી છે.

# આતંકવાદી તેમજ દેશદ્રોહી પ્રવૃત્તિઓ રોકવા જિલ્લાના ૧૧ ટાપુઓ પર પ્રવેશ અંગે પ્રતિબંધ જાહેર કરાયો

જામનગર જિલ્લો ભારતની પશ્ચિમ આંતરરાષ્ટ્રીય દરિયાઈ સીમાએ આવેલ અતિ-સંવેદનશીલ જિલ્લો છે. જામનગર જિલ્લામાં કુલ ૧૧ દરિયાઈ ટાપુઓ આવેલ છે. જે પૈકી માત્ર ૧ પિરોટન ટાપુ પર માનવ વસાહત આવેલ છે. જયારે અન્ય ટાપુઓ માનવ વસાહત રહિત છે. આ નિર્જન ટાપુઓ પર ધાર્મિક જગ્યાઓ આવેલ છે. જે જગ્યાઓએ અવારનવાર ધાર્મિક પ્રસંગોએ અને દર્શનાર્થે માણસો અવર-જવર કરે છે. આ ટાપુઓ પર રાષ્ટ્રવિરોધી અને દાણચોરી જેવી ગેરકાયદેસર અને અસામાજિક પ્રવૃત્તિઓ કરતા ઈસમો સહેલાઈથી આ દરિયાઈ ટાપુઓ ઉપર આશ્રય મેળવે અથવા હથિયારો અને નશાકારક પદાર્થ છુપાવવા ઉપયોગ કરે તેવી પુરી સંભાવના છે. આથી રાષ્ટ્રીય સલામતી અને જાહેર વ્યવસ્થાને ધ્યાને લઈ તેમજ આતંકવાદી અને દેશદ્રોહી પ્રવૃત્તિને રોકવા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ બી.એન. ખેર દ્વારા ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે સમગ્ર જામનગર જિલ્લાના આ ટાપુઓ પર પ્રવેશ કરવા પર પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. તેથી, પ્રવાસીઓને પિરોટન ટાપુ પર જવા-આવવાનું થાય ત્યારે નાયબ વન સંરક્ષક, મરીન નેશનલ પાર્ક, જામનગરની પૂર્વમંજૂરી મેળવી લેવાની રહેશે. આ જાહેરનામાંનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતા-૧૮૬૦ના ૪૫માં અધિનિયમની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે. જાહેરનામું આગામી તા.૨૭-૧૨-૨૦૨૪સુધી અમલમાં રહેશે. પ્રવેશ માટે પ્રતિબંધિત કરવામાં આવેલ ટાપુઓની વિગત.ખારા બેરાજા ગામ નજીકના ભેંસબીડ ટાપુ, સરમત ગામ નજીકના દંડીકા ટાપુ અને મુંડીકા ટાપુ તથા બેડી ગામ નજીકના ઝિન્દ્રા ટાપુ, પિરોટન ટાપુ, અમુડી બેલા ટાપુ, બડા બેલા ટાપુ, કોદરા બેડ ટાપુ, જુના બેલા ટાપુ, અનનોન-એ ટાપુ અને અનનોન-બી ટાપુ - આ ટાપુઓ પર પ્રવેશ અંગે પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે.

# ગુલાબવિહાર સોસાયટીમાં બિમારીથી કંટાળી નેપાળી યુવાનનો આપઘાત

## ■ ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવી લેતા પરિવારમાં ગમગીની

**મુખ્ય સમાચાર,રાજકોટ**

શહેરના ૧૫૦ ફૂટ રીંગ રોડ પર બીગબઝાર પાછળ ગુલાબ વિહાર સોસાયટીમાં રહેતા નેપાળી યુવાને બિમારીથી કંટાળી ગલેફાંસો ખાઈ આપઘાત કરી લેતા પરિવારમાં ગમગીની છવાઈ જવા પામી છે.

જાણવા મળતી વિગત મુજબ ગુલાબવિહાર સોસાયટીમાં શ્રીનાથ રેસીડેન્સી એપાર્ટમેન્ટમાં ચોકીદારની ઓરડીમાં રહેતા કૈલાશ તુલબહાદુર સાઉસ (ઉ.વ.૩૬) નામના નેપાળી યુવાને આજે સવારે પોતાની ઓરડીમાં પંખા સાથે દોરડુ બાંધી ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો.



બનાવની જાણ થતાં તાલુકા પોલીસે દોડી જઈ જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પીએમ અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો.

પ્રાથમિક તપાસમાં મૃતક કૈલાશ બે ભાઈ બે બહેનમાં મોટો અને તેને સંતાનમાં એક પુત્રી છે. વધુ તપાસમાં મૃતકને પરેલીસીસનો હુમલો આવી ગયો હોય જેથી બિમારીથી કંટાળી આ પગલુ ભરી લીધાનું જાણવા મળ્યું છે.

# હાલારમાં સતત બીજા દિવસે ચેકીંગ ૩૮.૭૦ લાખની વીજચોરી પકડાઈ

**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં સતત બીજા દિવસે પણ વિજ તંત્ર દ્વારા કોર્પોરેટ ચેકીંગ ડ્રાઈવ હાથ ધરવામાં આવી હતી જેમાં સવારથી શહેર ઉપરાંત દેવભૂમિ દ્વારકાના જુદા જુદા ગામોમાં વિજતંત્રની ૩૧ ટીમો દ્વારા વીજ ચેકીંગ કરાયુ હતુ. વીજ ટીમો દ્વારા ૪૦૪ જોડાણોની તપાસણી કરાતા ૬૯ વીજ જોડાણમાં ગેરરિતિ માલુમ પડતા સંબંધિતોને રૂા. ૩૮.૭૦ લાખના દંડનીય બીલ ફટકાર્યા હતા.

પશ્ચિમ ગુજરાત વીજ કંપની દ્વારા દિવાળી પર્વના સમાપન બાદ તુરંત જ જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં કોર્પોરેટ ડ્રાઈવ હાથ ધરવામાં આવી છે જેમાં ગુરૂવારે સતત બીજા દિવસે પણ વિજ તંત્રની જુદી જુદી ૩૧ ટીમ



દ્વારા વીજ ચેકીંગ કરવામાં આવ્યુ હતુ જેમાં શહેરના કાલાવડ નાકા બહારના અમન ચમન સોસાયટી, મહાપ્રભુજી બેઠક, માર્કેટીંગ યાર્ડ સહિતના વિસ્તારોમાં વિજ ચેકીંગ કરાયુ હતુ.

જયારે દેવભૂમિ દ્વારકા જિલ્લાના ટુંપણી, ચરકલા, અણીયારી, નાગેશ્વર સહિતના ગ્રામ્ય પંથકમાં પણ વિજ તંત્રની જુદી જુદી ટીમો ત્રાટકી હતી. આ ચેકીંગ ડ્રાઈવમાં દિવસ દરમિયાન વિજ તંત્રની જુદી જુદી ૩૧ ટીમ દ્વારા ૪૦૪ વીજ જોડાણોની ચકાસણી કરાઈ હતી જેમાં ૬૯ વીજ જોડાણમાં ગેરરિતિ માલુમ પડતા સંબંધિત આસામીઓને રૂા. ૩૮.૭૦ લાખના દંડનીય બિલ આપવામાં આવ્યા હતા. દિવસ દરમિયાન વીજ ચેકીંગમાં બાર એકસ આર્મીમેન તથા ૧૫ સ્થાનિક પોલીસ જવાનો પણ બંદોબસ્તમાં જોડાયા હતા. બે દિવસમાં ૯૦ લાખથી વધુની ગેરરિતી પકડાઈ વિજ તંત્રની જુદી જુદી ટીમો દ્વારા કોર્પોરેટ ડ્રાઈવ અંતર્ગત સતત બીજા દિવસે ગુરૂવારે પણ વીજ ચેકીંગ યથાવત રાખવામાં આવ્યુ હતુ જેમાં રૂા. ૩૮.૭૦ લાખની ગેરરિતી પકડી પાડી હતી. જયારે બુધવારે પણ એક જ દિવસમાં વિજ તંત્રની ચેકીંગ ટીમોએ અડધા કરોડથી વધુની ગેરરીતી જણાતા લગભગ રૂા. ૫૨.૦૫ લાખના દંડનીય બીલ ફટકાર્યા હતા.

# છાપરા ગામે ધો.૧૧ના વિદ્યાર્થીએ આપઘાત કર્યાના કેસમાં મોટાવડા શાળાના આચાર્યની ધરપકડ





લોધિકા તાલુકાના છાપરા ગત ૧૯ ઓક્ટોબરના રોજ ધોરણ ૧૧ના છાત્રએ ફાંસો ખાઈ આપઘાત કરી લીધાની ઘટનામાં ત્રણ શિક્ષકો સામે ફરિયાદ નોંધાયા બાદ બનાવના ૨૧માં દિવસે એક આરોપીની ધરપકડ કરવામાં આવી છે જયારે હજુ મહિલા શિક્ષકો ફરાર છે. બે છાપરા ગામે રહેતો અને મોટાવડા પ્રાથમિક શાળામાં ધોરણ ૧૧માં અભ્યાસ કરતો ધ્રુવીલ ભરતભાઈ વરુ નામના વિદ્યાર્થીએ ગત ૧૯ ઓક્ટોબરે એક સ્યુસાઈડ નોટ શું હતી સમગ્ર ઘટનાધો.૧૧નો છાત્ર ધ્રુવીલ ઘરેથી પેપર લખીને આવી ચોરી કરતો હોવાનો આક્ષેપ શિક્ષકોએ મૂકી તેને પોલીસમાં પકડાવી દેવાની ધમકી આપતા ડરી ગયેલા છાત્રએ આપઘાત કરી લેતા પોલીસ ફરિયાદ નોંધાઈહતી. લખી તેમજ બે વિડીયો બનાવી ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો જેમાં તેણે તેના શિક્ષકો સચિન વ્યાસ, મૌસમીબેન અને વિભૂતીબેનનો ઉલ્લેખ કરી તેમના ત્રાસથી આ પગલું ભરું છું તેવું જણાવ્યું હતું મેટોડા પોલીસે આ ત્રણેય શિક્ષકો સામે મરવા મજબુર કરવા અંગે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી જેમાં બનાવના ૨૧માં દિવસે બાતમી આધારે મેટોડા પીઆઈ એસ એચ શર્મા અને ટીમે કટારીયા ચોકડી પાસેથી સચિન મનસુખભાઈ વ્યાસ નામના શિક્ષકની ધરપકડ કરી છે જયારે આ ગુનામાં હજુ પણ બે શિક્ષકો ફરારછે.

# રઘુવંશી સમાજ દ્વારા જલારામ જન્મજયંતિ નિમિત્તે ભવ્ય શોભાયાત્રા નીકળી












(તસ્વીરઃ આનંદ જાવિયા)

સમગ્ર સૌરાષ્ટ્ર ગુજરાતભરમાં જલારામ બાપાની જન્મ જયંતિ ઉજવાઈ હતી ત્યારે ગઈકાલે રઘુવંશી સમાજ દ્વારા જલારામ બાપાની ૨૨૫મી જન્મ જયંતિ ઉજવાઈ હતી. રાજકોટના રઘુવંશી સમાજ દ્વારા દ્વારા પ્રતિ વર્ષ મુજબ આ વર્ષે પણ જલારામબાપાની જન્મજયંતી ઉજવવાવાનું આયોજન કરવામાં આવેલ હતું. આ તકે સવારે પૂજનવિધિ રાખવામાં આવી હતી. અહીં લોહાણા જ્ઞાતિના ભાઈઓ બહેનો ઉપરાંત અન્ય વિવિધ સમાજ ના શ્રેષ્ઠિઓ તેમજ સામાજિક તેમજ રાજકીય આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા લોહાણા સમાજ દ્વારા બપોરે ચૌધરી હાઈસ્કૂલથી વિશાળ શોભાયાત્રા નીકળી હતી. જે શહેરના રાજમાર્ગો પર ફરી હતી આ શોભાયાત્રાએ વિરાણી હાઈસ્કૂલ ખાતે વિરામ લીધો હતો. શોભાયાત્રાના રૂટને સુશોભિત કરવામાં આવ્યા હતા તેમજ રઘુવંશી યુવાનો દ્વારા મોટરસાયકલ સાથે શોભાયાત્રાનું પાયલોટીંગ કરવામાં આવ્યું હતું. તેમજ નાની કુમારિકાઓ માથે કળશ લઈ શોભાયાત્રામાં જોડાઈ હતી. જલારામ મંદિર ખાતે અલગ અલગ ક્ષેત્રમાં અલગ અલગ ક્ષેત્રમાં જોડાયેલા લોકોના હસ્તે કેક કાપવામાં આવે છે અને શોભાયાત્રા તેમજ મહાપ્રસાદનું આયોજન કરાયું હતું. .

## રિજીયોનલ સાયન્સ સેન્ટર – રાજકોટમાં વિવિધ સાયન્ટિફિક પ્રવૃત્તિઓ દ્વારા દિવાળી પર્વની ઉજવણી કરવામાં આવી

**મુખ્ય સમાચાર,રાજકોટ**

દિવાળી એટલે અંધકાર પર પ્રકાશની જીત, અજ્ઞાનતા પર જ્ઞાનની જીતનું પ્રતીક, દિવાળી પ્રકાશ, સમૃદ્ધિ, એક્તા, ક્ષમા, ખુશી અને પ્રેમનો તહેવાર છે. રીજીયોનલ સાયન્સ સેન્ટર – રાજકોટ આજ ઉદ્દેશ્ય સાથે આ દિવાળીમાં જ્ઞાનના દીપને પ્રગટાવી લોકોના જીવનમાં અંધકારરૂપી અજ્ઞાનતા દૂર થાય તે માટે વિવિધ વૈજ્ઞાનિક પ્રવૃત્તિઓ, સાયન્ટિફિક વર્કશોપ, સાયન્ટિફિક મુવી, આઉટડોર ગેમ્સ, તેમજ ખાસ દિવસોની ઉજવણીઓ કરવામાં આવી હતી. આ દિવાળીને સ્પેશિયલ દિવાળી તરીકે ઉજવવા રીજીયોનલ સાયન્સ સેન્ટર – રાજકોટના સ્ટાફ દ્વારા દિવાળી સ્પેશિયલ નહાથી મેરે સાથીથ નાટક ભજવવામાં આવ્યું હતું. રીજીયોનલ સાયન્સ સેન્ટર – રાજકોટની થીમ અનુસાર નલોકો દ્વારા, લોકો થકીથ ૧૦૦૦ દીવાઓ પ્રગટાવી, આ દિવાળીને સ્પેશિયલ દિવાળી તરીકે ઉજવવામાં આવી હતી. આ સાથે વિવિધ વૈજ્ઞાનિક પ્રવૃત્તિઓ દ્વારા લોકોમાં વિજ્ઞાનરૂપી પ્રકાશ ફેલાય તે હેતુ સાથે વિવિધ સાયન્ટિફિક પ્રવૃત્તિઓ આયોજિત કરવામાં આવી હતી, જેમાં લિફ સ્ટોમાટા અંડર માઈક્રોસ્કોપ, વિવિધ રોબોટ ડેમોસ્ટ્રેશન્સ, સ્કેટરીંગ ઓફ લાઈટ, કઊિઉ ડિસ્પ્લે ઓબ્ઝર્વેશન, સોલાર લુનાર ઈકલીપ્સ મોડેલ, લેટ્સ નો મેગ્નેટ્સ જેવી પ્રવૃત્તિઓ સામેલ હતી. આ ઉપરાંત સેન્ટર ખાતે વિવિધ સાયન્ટિફિક વર્કશોપસ આયોજિત કરવામાં આવેલ હતા, જેમાં બેઝીક્સ ઓફ ઈલેક્ટ્રોનિક્સ વર્કશોપ, સીરામીક વર્કશોપ, હાઉ ટુ મેક બેરોમીટર વર્કશોપ, ફિઝિક્સ વર્કશોપ, રોબોટિક્સ વર્કશોપ સામેલ છે. સાયન્ટિફિક મુવીસમાં બ્રહ્માંડને લગતી



કોસમોસ ડોક્યુમેન્ટરી ફિલ્મ દેખાડવામાં આવી હતી. આઉટડોર ગેમ્સમાં ટિક – ટેક, ટુ–ઝ્ઞ, રાઉન્ડ એન્ડ સ્કેવર, ટેક યોર પ્લેસ, જેવી ફન એન્ડ લર્ન ગેમ્સનો લોકોએ આંનદ લીધો હતો. તેમજ ટેલિસ્કોપ એક્ટિવિટી દ્વારા અવકાશ દર્શનમાં સન સ્પોટ, શનિગ્રહ, શુક્રગ્રહ, ચંદ્રનું નિર્દશન કરાવવામાં આવ્યું હતું. આ સાથે જ ખાસ દિવસોની ઉજવણીમાં તારીખ ૭ નવેમ્બર ૨૦૨૪ ના રોજ રીજીયોનલ સાયન્સ સેન્ટર – રાજકોટમા આવેલ નોબેલ પ્રાઈઝ ગેલેરી શોભાવનાર બે નોબેલ પારિતોષિક વિજેતાઓ, ભારતરત્ન ડો. ચંદ્રશેખર વેંકટ રામન તથા મેડમ મેરી ક્યુરીની જન્મજયંતી હતી.

## ગુજરાત કેડરના ૮ આઈપીએસને નવી પોસ્ટ ઊભી કરી એએસપી તરીકે પોસ્ટિંગ અપાયું

**મુખ્ય સમાચાર,રાજકોટ**

ગુજરાત કેડરના વર્ષ ૨૦૨૧–૨૨ બેચના ૮ આઈપીએસ અધિકારીઓ સરકારે પ્રોબેશન માટે ગુજરાતના અલગ અલગ સ્થળે પોસ્ટીંગ આપ્યા છે. જેમાં નવી પોસ્ટ ઉભી કરે ત્યાં એએસફપી તરીકે આઈપીએસને પ્રોબેશનમાં મુકવામાં આવ્યા છે.

ઉપરાંત વડોદરા ક્રાઈમ બ્રાંચના ડીસીપી સહિત ૮ એપીએસની આઈપીએસ તરીકેની કેડરમાં કાયમી નિમણુંકનો હુકમ કેન્દ્ર ગૃહ મેગાલય દ્વારા કરવામાં આવ્યો છે. ગૃહવિભાગમાં દ્વારા ગુજરાત કકેડરના આઠ આઈપીએસને પોસ્ટીંગ અપાયું છે.

તેમાં વાગીશા જોશીને એએસપી ધંધુકા, સુમન નાલાને એએસપી દાતા, સિમરન ભારદ્વાજને એએસપી ધોરાજી, આયુષ જૈનને એએસપી દેહગામ, જયદીપ ગઢવીને એએસપી ધારી, પ્રતિભાને એએસપી લાલપુર, રોહિત કુમારને એએસપી વિસાવદર અને અજય કુમાર મીણાને એએસપી ભરૂચ તરીકે પોસ્ટીંગ અપાયું છે.

ગુજરાતના ૮ એસપીએસની આઈપીએસ કેડરમાં કાયમી નિમણૂક પામેલામાં યુવરાજસિંહ જાડેજા, બળદેવભાઈ દેસાઈ. ગૌરવ જસાણી, ઈમ્તિયાઝ શેખ, બળદેવસિંહ વાઘેલા. લખધીરસિંહ ઝાલા, તેમજ નરેશકુમાર કણજારીયા અને ફાલ્ગુનીબેન પટેલનો સમાવેશ



થાય છે.

આ તમામ અધિકારીના હાલના ફરજના સ્થળની જો વાત કરવામાં આવે તો યુવરાજસિંહ જાડેજા વડોદરા ડીસીપી ક્રાઈમ, બળદેવ દેસાઈ ડીસીપી ઝોન–૫, અમદાવાદ, ગૌરવ જસાણી સ્ટાફ એડમીન–ડીજીપી ઓફિસ, ઈમ્તિયાઝ શેખ લિવ રિઝર્વ, બળદેવસિંહ વાઘેલા ડીસીપી (ટ્રાફિક)– અમદાવાદ, લઘધીરસિંહ ઝાલા એસપી–આઈબી, નરેશ કણઝારીયા એસપી–આઈબી(ભુજ) અને ફાલ્ગુની પટેલ એસપી, એસ આર પીએફ ગ્રુપ–૧૨, ગાંધીનગર ખાતે ફરજ બજાવી રહ્યા છે.

## રાજકોટમાં 13 વર્ષના તરૂણ સાથે ૪૫ વર્ષના ઢગાએ અડપલા કરતાં ચકચાર

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટમાં આવેલ યુનિવર્સિટી પોલીસ સ્ટેશન વિસ્તારમાં ૧૩ વર્ષના તરૂણ પર પાડોશમાં રહેતાં ૪૫ વર્ષના શખ્સે પોતાના ઘરે બોલાવી શરીરે અડપલાં કરી કૃત્ય આચરતાં ચકચાર મચી ગઈ હતી. બનાવ અંગે જાણ થતાં યુનિ. પોલીસે ગણતરીની કલાકોમાં આરોપીની ધરપકડ કરી તપાસનો ધમધમાટ આદર્યો હતો.

પ્રાપ્ત વિગત મુજબ, યુનિવર્સિટી વિસ્તારમાં રહેતો ૧૩ વર્ષનો તરૂણ શુક્રવારે તેના પરિવારજનો સાથે યુનિવર્સિટી પોલીસ સ્ટેશને પહોંચ્યો હતો. તરૂણે પોલીસ સમક્ષ કહ્યું હતું કે, તેની પાડોશમાં રહેતા રાકેશ નામના શખ્સે તેને ઘરમાં બોલાવ્યો હતો અને ઘરમાં બોલાવ્યા બાદ બળજબરી આચરી શરીરે અડપલાં કર્યા હતાં. જે અંગેની વાત કરતાં યુની. પોલીસ મથકની ટીમ આરોપીના ઘરે પહોંચી ગઈ હતી અને આરોપી રાકેશને ઝડપી લીધો હતો.

બનાવ અંગે પીઆઈ વસાવાએ જણાવ્યું હતું કે, આરોપી વિરૂધ્ધ ગુનો નોંધવા તજવીજ હાથ ધરવામાં આવી છે. તેમજ તરૂણ પર પાડોશી રાકેશે અગાઉ આવું કૃત્ય આચર્યું હતું કે કેમ તેમજ આરોપી રાકેશે વિસ્તારના અન્ય બાળકોને પણ શિકાર બનાવ્યા છે કે કેમ તે દિશામાં તપાસ શરૂ કરવામાં આવી છે.

## સિવિલ હોસ્પિ.માં આગ લાગી, ફાયર સેફ્ટીનું સુરસુરિયું

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટમાં ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડ બાદ ફાયર સેફ્ટીના નિયમો કડક બનાવવામાં આવ્યા હોવાના દાવાઓ વચ્ચે આજે સૌરાષ્ટ્રની સૌથી મોટી રાજકોટની પંડિત દિનદયાળ સિવિલ હોસ્પિટલના ઓપીડી બિલ્ડીંગના બીજા માળે એ.સી.માં આગ લાગતા આટલી વિશાળ સિવિલ હોસ્પિટલના ફાયર સેફ્ટી વ્યવસ્થાની પોલ ખુલ્લી પડી ગઈ હતી. અને ખરાસમયે જ ફાયર સેફ્ટી સિસ્ટમ કાન નહીં આવતા થોડો સમય માટે ભારે અફરાતફરી મચી ગઈ હતી. જો કે, ફાયર બ્રિગેડ સ્ટાફે બિલ્ડીંગના કાચ તોડી ધુમાડો બહાર કાઢી આગ કાબુમાં લીધી હતી.

સિવિલ હોસ્પિટલના ઓપીડી બિલ્ડીંગના બીજા માળે આવેલા માનસિક રોગોના વિભાગમાં રૂમ નં. ૨૫માં આજે સવારે ૮:૪૦ કલાકે એસીમાં આગ લાગવાની ઘટના બની હતી. આ આગની ઘટના બાદ તુરત જ હોસ્પિટલમાં ઉપલબ્ધ ફાયર સેફ્ટી સિસ્ટમના સહારે આગ કાબુમાં લેવા પ્રયત્નો હાથ ધરાયા હતા અને ત્યાં ઉપલબ્ધ ત્રણ ફાયર એકસ્ટીંગ્યુસર (બાટલા) દ્વારા આગ ઓલવવા પ્રયાસ કરાયો હતો પરંતુ બે બાટલાના ખરા સમયે જ સુરસુરિયા થઈ ગયા હતા. જ્યારે એક બાટલો ચાલુ થતાં તુરંત જ ગેસ ખાલી થઈ ગયો હતો.

આ સિવાય ફાયર સિસ્ટમની પાઈપલાઈનો પણ વોર્ડમાં ઉપલબ્ધ છે. પરંતુ આ સમગ્ર સિસ્ટમ બંધ હોવાથી તાત્કાલીક ફાયરબ્રિગેડને




જાણ કરાઈ હતી.

ફાયર બ્રિગેડ સ્ટાફે તાત્કાલીક ધસી જઈ વોર્ડની બારીઓના કાચ તોડી ધૂમાડા બહાર કાઢી આગ ઉપર કાબુ મેળવ્યો હતો.

ફાયર બ્રિગેડ સ્ટાફે પણ સિવિલ હોસ્પિટલમાં ફાયર સેફ્ટી સિસ્ટમ બંધ હોવાનું નોંધ્યું હતું. હજુ ગઈકાલે જ ગાંધીનગરથી આવેલી ટીમ સ્ટાફને ફાયર સેફ્ટીની તાલિમ આપી હતી પરંતુ ફાયર સેફ્ટીના સાધનો જ બંધ હોવાથી સ્ટાફ પણ લાચાર બની ગયો હતો. સદનશીબે મોટી દુર્ઘટના બની નથી પરંતુ આટલી વિશાળ હોસ્પિટલમાં ફાયર સેફ્ટીના સાધનો બંધ હોવાથી અનેક સવાલો ઉઠ્યા છે.

## સલામત સવારી : દરરોજ ૮,3૨0 બસ, ૪૨,0૮3 ટ્રીપ, 3૪ લાખ બાવન હજાર કિલોમીટરનો પ્રવાસ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

મલ્ટીમોડ ટ્રાન્સપોર્ટેશનના વર્તમાન યુગમાં જાહેર પરિવહનમાં અનેક આયામો ઉમેરાયા છે. ગુજરાત સરકારના સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશને બદલાતા સમય સાથે કદમ મિલાવીને જાહેર પરિવહન સેવામાં ટેકનોલોજીનો વિનિયોગ તો કર્યો જ છે, સાથે-સાથે ગરીબ-મધ્યમ વર્ગના લોકોને સલામત અને આરામદાયક અને એફોર્ડેબલ મુસાફરીનો આનંદ આપ્યો છે, તેમજ છેવાડાના માનવી સુધી પોતાની પરિવહન સેવા વિસ્તારી પણ છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં એસ.ટી. નિગમે નાગરિકોને નગ્રીન એન્ડ ક્લીન ટ્રાન્સપોર્ટેશન ફેસીલીટીથ આપવાનો રાહ અપનાવ્યો છે. ઋજાછઊઈ બસિસ એ ગુજરાતના જાહેર પરિવહનની જીવાદોરી છે તે આંકડાઓથી પુરવાર થાય છે.

એસ.ટી.નિગમની કુલ ૮,૩૨૦ બસ દરરોજ ૪૨,૦૮૩ જેટલી ટ્રીપ પૂરી કરે છે. આ બધી બસિસ કુલ મળીને ૩૪.૫૨ લાખ કિલોમીટર જેટલું અંતર દરરોજ કાપે છે. ગુજરાતના ૧૮,૩૬૭ ગામડાઓ એટલે કે ૯૯.૩૪ % ગામડાઓને એસ.ટી. નિગમે આવરી લીધા છે.

દરરોજ ૧૮.૨૧ લાખ ગ્રામીણ મુસાફરો, ૪૬ હજાર શહેરી મુસાફરો અને ૮.૩૦ લાખ વિદ્યાર્થીઓ એમ કુલ મળીને ૨૭.૧૮ લાખ મુસાફરો એસ.ટી. બસિસમાં મુસાફરી કરે છે. ગુજરાત ઉપરાંત મધ્યપ્રદેશ, રાજસ્થાન, મહારાષ્ટ્ર અને સંઘ પ્રદેશ સુધી આ બસ સેવાઓ વિસ્તરેલી છે.

હાલ એસ.ટી. નિગમ પાસે કુલ ૮,૩૨૦ જેટલી બસિસની ફ્લિટ છે. જેમાં ૨૦ વોલ્વો સ્લીપર, ૫૦ વોલ્વો સીટર, ૫૦ એ.સી. સ્લીપર, ૫૦ એ.સી. સીટર, ૫૦ ઈલેક્ટ્રીક, ૪૩૧ નોન એસી સ્લીપર, ૭૦૩ ગુર્જર નગરી, ૫,૫૫૬ ડીલક્સ એક્સપ્રેસ, ૧૧૦૫ મીની બસ અને ૩૦૦ લક્ઝરી બસનો સમાવેશ થાય છે.

રાજ્ય સરકારની એસટી પરિવહન સેવાનું સૌથી ઉત્કૃષ્ટ પાસુ તેનું ઈ–ગવર્નન્સ છે. ઓનલાઈન ટિકિટ બુકિંગ, પેસેન્જર રિઝર્વેશન, ઈલેક્ટ્રોનિક પાસ, સીસીટીવી બેઝ્ડ વિજિલન્સ, જીપીએસ બેઝ્ડ વ્હીકલ ટ્રેકિંગ અને પેસેન્જર ઈન્ફોર્મેશન સિસ્ટમ, ચછ કોડ અને ઞઙઈ પેમેન્ટ સુવિધા, ૨૪ કલાક કાર્યરત IVRS ટોલ ફ્રી હેલ્પ ડેસ્ક, રાણીપ–અમદાવાદ ખાતે કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર જેવી બહુ આયામી સુવિધાઓ સરકારે નાગરિકોને પૂરી પાડી છે. ખખડતી બસ, તૂટેલી બારીઓ અને રૂમાલ મૂકીને જગ્યા રોકવી એ દિવસો એસ.ટી.નો ભૂતકાળ બની ગયો છે. એસ.ટી. નિગમની મોબાઈલ ફોન એપ્લિકેશનથી ઓનલાઈન બુકિંગ, એડવાન્સ બુકિંગ આંગળીના ટેરવે ઉપલબ્ધ છે. બસ ભાડે લેવી, બસના ટાઈમ ટેબલ જોવા, બસને ટ્રેક કરવી સહિતની તમામ સુવિધાઓ ગુજરાતી અને અંગ્રેજી




ભાષામાંઆ એપ્લિકેશન પર ઉપલબ્ધ છે. GSRTCની ઓનલાઈન ટિકિટ બુકિંગ સુવિધાના માધ્યમથી રોજ સરેરાશ ૬૮,૦૦૦ ટિકિટ ઓનલાઈન બુક થાય છે, જે ભારતના અન્ય રાજ્યોની સરખામણીએ સૌથી વધુ છે. આ વર્ષે એક જ દિવસમાં સૌથી વધુ ૧,૪૨,૦૦૦ ઓનલાઈન ટિકિટ બુકીંનો GSRTCએ વિક્રમ સર્જ્યો છે. GSRTCની મોબાઈલ ફોન એપ્લિકેશનને ૪.૬ રેટિંગ મળેલું છે, તે પણ અને રાજ્યોની ઓનલાઈન એપ્લિકેશનને મળેલા રેટીંની સાપેક્ષે ખુબ સારુ છે. GSRTC સ્મૂધ ઓનલાઈન બૂકિંગ સેવા આપતી હોવાને કારણે ૦૧ કરોડ ૧૦ લાખ પ્રવાસીઓનો ડેટાબેઝ ધરાવે છે. રોજના ૧૦ લાખ યુઝર્સ GSRTCની ઓનલાઈન એપ્લિકેશન કે વેબસાઈટનો ઉપયોગ કરે છે રાજ્ય સરકારે એસ.ટી. સેવાઓના માધ્યમથી જનતાને રાહત દરે પરિવહન સુવિધા પૂરી પાડી છે. માત્ર એટલું જ નહીં, સમાજના જરૂરતમંદ વર્ગોને રાહત દરે અથવા તો સંપૂર્ણ નિઃશુલ્ક પરિવહન સેવા એસ.ટી.ના માધ્યમથી પૂરી પાડીને કલ્યાણ રાજ્યનો ધ્યેય પણ પાડ્યો. ગ્રામીણ વિદ્યાર્થીનીઓ, પારિતોષિક વિજેતા શિક્ષકો, દિવ્યાંગજનો, કેન્સર પીડીતો, સ્વાતંત્ર્ય સેનાની અને તેમની વિધવા વિગેરેને પ્રવાસ શુલ્કમાં ૧૦૦ ટકા રાહત આપવામાં આવે છે. આ ઉપરાંત વિદ્યાર્થીઓને ૮૨.૫૦% તેમજ રમતવીરો, પત્રકારો અને ડેઈલી કોમ્યુટ કરતાં મુસાફરોને પ્રવાસ શુલ્કમાં ૫૦% રાહત–ડિસ્કાઉન્ટ આપવામાં આવે છે.

નિયત રૂટ પર સેવા આપવાની સાથે સાથે એસ.ટી. નિગમ કેઝ્યુલ કોન્ટ્રાક્ટ, લગ્ન પ્રસંગ, પાર્સલ પહોંચાડવા, ગ્રુપ બુકિંગ, ધાર્મિક અને સામાજિક મેળાવડા વિગેરે પ્રસંગોએ પણ જરૂરિયાત મુજબ બસ સેવાઓ પૂરી પાડે છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# ચંદ્રેશનગરમાં યુવાનની હત્યા કરનાર બે શખ્સો ઝડપાયા

## તુ મારી ઘરવાળીને સાચવે છે... કહી બે મિત્રોએ યુવકનું ઢીમ ઢાળી દીધું




**મુખ્ય સમાચાર,રાજકોટ**

ચંદ્રેશનગર શેરી નંબર-રમાં પતુ મારી ઘરવાળીને સાચવે છો કહી બે મિત્રોએ યુવકને છરી અને પાઈપ વડે માર મારી તેનું ઢીમ ઢાળી દીધું હતું. જયારે આ મામલે માલવિયા પોલીસ દ્વારા ગણતરીની કલાકોમાં જ હત્યારાઓની અટકાયત કરવામાં આવી છે.વિગત મુજબ શહેરમાં મવડી વિસ્તારમાં આવેલા ચામુંડા નગર શેરી નંબર-૩માં રહેતા અને મજૂરી કામ કરી પરિવારનું ગુજરાન ચાલવતા કમલેશ વિનોદ રાઠોડ (ઉ.વ.૨૪) યુવક ગઈકાલે બપોરના સમયે ચંદ્રેશનગર શેરી નંબર-રમાં તેના મિત્ર નિલેશ ગોહેલના ઘર પાસે હતો ત્યારે નિલેશ અને તેની સાથેના આશિષે પોતાની પત્ની સાથે આડસબંધ હોવાની શંકા કરીને ઝગડો કરીને કમલેશને પાઈપ અને છરી વડે માર માર્યો હતો. જેમાં કમલેશને ગંભીર ઈજા પહોંચતા તે બેભના થઈ ઢળી પડયો હતો. જેથી તેને ૧૦૮ મારફત સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.જ્યાં તેનું એક કલાકની સારવાર દરમ્યાન મોત નિપજતા બનાવ હત્યામાં પલટાયો હતો.બનાવની જાણ થતા માલવિયા પોલીસનો સ્ટાફ હોસ્પિટલ દોડી આવ્યો હતો. વધુ વિગતો આપતા પોલીસે જણાવ્યું હતું કે, કેમલેશ અને આરોપી નિલેશ થતા આશિપ ત્રણેય મિત્રો છે. અને નિલેશની પત્ની થોડા સમય પૂર્વે રિસામણે જતી રહી છે. કમલેશને નિલેશની પત્ની સાથે આડસબંધ છે તેવી શંકા મૃતકના ભાઈનું સાત મહિના પહેલાં જ અકસ્માતમાં મોત થયુંથતું વડે માર મારી યુવકને મોતને ઘાટ ઉતાર્યો પોલીસે હત્યારાઓને દબોચ્યા કરીને નિલેશ અવારનવાર ઝગડો કરતો હતો. આ ભાબતે ગઈકાલે તેઓ વચ્ચે ઝગડો થયો હતો. જેથી આ ઘટનાની નિલેશના માતા દ્વારા જ પોલીસને જાણ કરવામાં આવી હતી.હાલ આ મામલે પોલીસે નિલેશ અને આશિષ સામે ગુનો નોંધી તેઓનેની ધરપકડ કરી છે.

# માધાપર ચોકડી નજીક અકસ્માતમાં BSNLના નિવૃત્ત કર્મચારીનું કમકમાટી ભર્યું મોત

## ગઈકાલે રાત્રિના ઘરે જતાં હોય ત્યારે ટ્રકના તોતિંગ વ્હીલ માથે ફરી વળતાં ઘટના સ્થળે જ દમ તોડયો





**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટમાં માધાપર ચોકડી નજીક ટ્રક ચાલકે બાઈકને અડફેટે લેતાં ઘટના સ્થળ પર જ બાઈક સવાર બીએસએનએલના નિવૃત કર્મચારીનું મોત નિપજ્યું હતું. બનાવની જાણ પોલીસને થતાં તુરંત દોડી જઈ મૃતદેહને પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો.જોષી પરિવારમાં મોભીના આકસ્મિક મોતથી તેમનાં પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યુ છે.

બનાવની પ્રાપ્ત વિગતો મુજબ રાજકોટમાં એરપોર્ટ વિસ્તારમાં સખિયાનગર મેઈન રોડ પર રહેતાં ભરતભાઈ કાંતિભાઈ જોષી (ઉ.વ.૭૦) નામનાં વૃદ્ધ ગઈ કાલ રાત્રિના બાઈક વડે પોતાનાં ઘરે જતા હતા ત્યારે રાત્રિના નવેક વાગ્યાની આસપાસ માધાપર ચોકડી નજીક પહોંચતા પૂરપાટ ઝડપે નીકળેલા ટ્રકે બાઈક ચાલક ભરતભાઈને ઠોકરે ચડાવતાં ટ્રકના તોતિંગ વ્હિલ તેમના પર ફરી વળ્યા હતા અને સ્થળ પર જ બાઈકચાલક ભરતભાઈનું મોત નિપજ્યું હતું. બનાવ સ્થળે લોકોના ટોળા એકઠા થઈ ગયા હતા.

અને બનાવ અંગે ગાંધીગ્રામ પોલીસને જાણ થતાં તુરંત દોડી જઈ જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પીએમ અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. અને તપાસ હાથ ધરી હતી.

જે તપાસમાં મૃત્યુ પામનારા ભરતભાઈ બીએસએનએલમાં નોકરી કરતાં હતાં. હાલ તેઓ નિવૃત્ત જીવન જીવતાં હતાં. ગઈ કાલ રાત્રિના તેના ઘરે જતાં હતાં ત્યારે અકસ્માત થતાં કાળ અંબી ગયો હતો. તેઓને સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી છે. તેઓ ત્રણ ભાઈ અને એક બહેનમાં મોટાં હોવાનું મૃતકનાં પરિવારજનોએ જણાવ્યું હતું. બનાવ અંગે ગાંધીગ્રામ પોલીસે ટ્રક ચાલક સામે ગુનો નોંધવાની તજવીજ હાથ ધરી છે.

# દેવનગરનો પરિવાર રાજસ્થાન ફરવા ગયાને તસ્કરોએ ઘરમાં પરોણા કર્યા:૧.૧૩ લાખની ચોરી

**મુખ્ય સમાચાર,રાજકોટ**

નાનામવા રોડ પર દેવનગર શેરીમાં રહેતો યુવાન અને તેના પરિવારજનો ચાર દિવસ પહેલાં જેસલમેર ફરવા ગયાં અને પાછળથી ઘરમાં ઘુસેલા તસ્કરે ચોરીને અંજામ આપી રૂ.૧.૧૩ લાખના રોકડ-દાગીનાની ચોરી કરી નાસી છૂટ્યો હતો. બનાવ અંગે માલવીયાનગર પોલીસ મથકમાં ફરીયાદ નોંધાઈ હતી.

બનાવ અંગે નનામવા રોડ પર દેવનગર શેરી નં.૬ માં રહેતાં રાહુલભાઈ રમેશભાઈ દાફડા (ઉ.વ.૨૬) એ નોંધાવેલ ફરીયાદમાં જણાવ્યું હતું કે, ગઈ તા.૦૪ ના બપોરના બે વાગ્યે તે તેમના પિતા રમેશભાઈ, માતા દેવુબેન, પત્ની સહિતના પરિવારજનો રાજસ્થાન ફરવા માટે મીનીબસમાં ગયેલ હતા. ઘરમાંથી બહાર નીકળતી વખતે તેમને તાળુ મારેલ હતુ. ગઈકાલે તેઓ જેસલમેર હતા ત્યારે સવારના સમયે પાડોશમાં રહેતાં સબંધી મામા અનીલભાઈ વાઘેલાનો ફોન આવેલ કે તારા ઘરમાં તાળા તુટેલ છે અને ચોરી થયેલ છે.

જેથી તે બાબતે તેમના ભાઈ લલીતભાઈ દાફડા અને મામા આદિત્ય પરમારને પોલીસ સ્ટેશન પર જવાનુ જણાવેલ, અને તેઓ સહપરીવાર પરત રાજકોટ આવવા માટે નીકળી ગયેલ હતાં.

તેઓ ગઈ મોડી રાતના ઘરે પહોંચી જોતા ઘરનો દરવાજો ખુલ્લો હતો. ઘરમાં પ્રવેશતા હોલમાં પડેલ તેમની માતાની પતરાની તીજોરી, તેમજ રૂમમાં રહેલ પત્નીની પતરાની તીજોરી તુટેલ હાલતમાં હતી. તેમની પત્નીએ તપાસ કરતા તીજોરીના લોકરમાં રાખેલ પત્નીની સોનાની વીંટી રૂ.૧૫ હજાર, ચાંદિનો કંદોરો રૂ.૧૯ હજાર, તીજોરીમાં રાખેલ ગલ્લાના રૂ.૪૦ હજાર



રોકડા જોવામાં આવેલ નહી.

તેમજ તેમની માતાને તીજોરીમાં તપાસ કરવાનુ કહેતા તેઓએ તેમાં રાખેલ સોનાના જુના પાટલા રૂ.૨૦ હજાર, સોનાની જુની વિંટી, ચાંદિની જુની જાંજરી જોવામાં આવેલ નહિ, જેથી કુલ રૂ.૧.૧૩ લાખના દાગીના અને રોકડ કોઈ અજાણ્યો શખ્સ ઘરમાં ઘુસી ચોરી કરી નાસી છૂટ્યાની ફરીયાદ નોંધાવી હતી.

ઉપરાંત પાડોશીના સીસીટીવી કેમેરા ચેક કરતા જોવા મળેલ કે, ગઈકાલે વહેલી સવારના ચારેક વાગ્યે કોઈ અજાણ્યો શખ્સ ઘર પાસે રેકી કરી નીકળી બાદ ચોરી કરી નાસી છૂટતાં જોવા મળ્યો હતો. બનાવ અંગે માલવીયાનગર પોલીસે ગુનો નોંધી સીસીટીવી ફુટેજના આધારે તપાસ હાથ ધરી છે.

# તાલુકા અને માલવિયાનગર વિસ્તારમાં થયેલી બે ચોરીના ભેદ ઉકેલાયા

## કાલાવડ રોડ પર વૃંદાવન સોસાયટી મેઈન રોડ પર નામચીન તસ્કર ચોરાઉ મુદ્દામાલ સાથે ઝડપાયોઃ યુનિવર્સિટી કેમ્પસ અને રૈયાધાર પાસેથી બે બાઈકોની ઉઠાંતરી કરનાર શખ્સોની ધરપકડ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

શહેરના તાલુકા પોલીસ સ્ટેશન અને માલવયા નગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં અગાઉ થયેલી બે ચોરીના ભેદ ડીસીપી ઝોન ટુ એલસીબી ની ટીમે ઉકેલી નાખી નામચીન તસ્કરને દબોચી લઈ રૂપિયા ૩.૭૪ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે.

આ અંગેની પોલીસ માંથી મળતી માહિતી મુજબ શહેરમાં દિવાળીના તહેવારોમાં લોકો બહારગામ ફરવા ગયા હોય ત્યારે બંધ મકાન ને તસ્કરો નિશાન બનાવતા હોવાના બનાવો નું પ્રમાણ વધ્યું હોય જેના પગલે ડીસીપી ઝોન ૨ હભબ ટીમના પી.એસ.આઈ રામદેવસિંહ ઝાલા એ.એસ.આઈ જેવી ગોહિલ હેડ કોસ્ટેબલ રાજેશભાઈ તથા રાહુલભાઈ સહિતનો સ્ટાફ કાલાવડ રોડ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે તેમને મળેલી ચોક્કસ બાદ મીના આધારે વૃંદાવન મેન રોડ પરથી શંકાસ્પદ સોના-ચાંદીના દાગીના સાથે નીકળેલા ઈરફાન અલિમીયા કાદરી નામના સક્સને અટકાયતમાં લઈ આખરી પૂછપરછ કરતા આ સક્સે કબૂલાત આપી હતી કે અગાઉ તેણે તાલુકા પોલીસ સ્ટેશન વિસ્તારમાં અને માલવયા નગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં સોશિયલ મીડિયામાં કોઈ ફરવા ગયા હોય અને તેના બંધ મકાન ના સ્ટેટસ મૂક્યા હોય તેવું સ્થળ સુધી ત્યાં ચોરી કરી હોવાની કબૂલાત આપતા પોલીસે ₹૩.૭૪ લાખનો મુદ્દા માલ કબજે કરી બે ચોરીના ભેદ ઉકેલિના કહે છે.

જ્યારે અન્ય બનાવમાં ગાંધીગ્રામ યુનિવર્સિટી પોલીસ ના પીઆઈ



એમજી વસાવાની સૂચનાથી હેડ કોસ્ટેબલ મહિપાલસિંહ તથા વિજુભા તથા વનરાજભાઈ સહિતનો સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે યુનિવર્સિટી કેમ્પસ નજીક મેલડીમાના મંદિર પાસે કાચા રસ્તા પરથી બાઈક ચોરી કરનાર રહ્યા ગામનો વિશાલ ઉર્ફે જોખમ રમેશ કરસન ખડોલા ની ધરપકડ કરી ₹૨૦,૦૦૦ નું મોપેડ કબજે કર્યું હતું જ્યારે હેડ કોસ્ટેબલ વિરેન્દ્રસિંહ અને ગોપાલસિંહ સહિતના સ્ટાફે રયાધાર શાંતિનિકેતન ગેટ પાસેથી બાઈક ચોરી કરનાર રૈયાધાર સ્લમ કોટર માં રહેતો પુના ઉર્ફે પવલો પોપટ વેગડા નામના શખ્સને દબોચી લઈ ₹૩૦,૦૦૦ ની કિંમતનું બાઈક કબજે કર્યું છે.

# થાન ત્રિપલ મર્ડરના ચાર આરોપી ઝડપાયા

## મૈત્રીકરાર બાદ સમાધાનના અઢી લાખ ન આપતા ખૂની ખેલ ખેલાયો હોવાનું તપાસમાં ખુલ્યું

**મુખ્ય સમાચાર,રાજકોટ**

થાન થાનના સારસાણામાં બનેલી ડબલ મર્ડરની ઘટના મૃતકના માતાના મોત બાદ ત્રિપલ મર્ડરમાં ફેરવાઇ છે. મૈત્રી કરાર કરનારા યુવતીના પૂર્વ પતિ, ભાઈ અને કાકા સસરાની હત્યામાં મદદ કરનારા ૪ આરોપીને પોલીસે પકડી લીધા છે. આ લોહીયાળ જંગમાં મૈત્રી કરારના સમાધાન પેટે પૂર્વ પતિને રૂ.૨.૫૦ લાખ આપવાનું નક્કી થયું હતું. જે રકમ ન આપવાને કારણે યુવતી સાથે મૈત્રીકરાર કરનાર યુવક તેના પિતા અને માતાની હત્યા કરી હોવાની ચોંકાવનારી વિગત સામે આવી છે. થાનના સારસાણા ગામની સીમમાં મૈત્રી કરાર કરીને સંગીતા સાથે રહેતા ભાવેશ અને તેના પિતા ઘુઘાભાઇની હત્યા કરી દેવાઇ હતી.

સંગીતાના પૂર્વ પતિ દિનેશ નાનજી સાપરા, કાકાજી સસરા જેશા નરસી સાપરા અને દિનેશ સુખા સાબરીયાએ આ ખુની ખેલ હોવાની ફરિયાદ નોંધાઇ હતી. હુમલામાં ભાવેશના માતા મંજુબેન પણ ગંભીર રીતે ઘાયલ થયા હતા. તેમને સારવાર માટે રાજકોટ લઇ જવામાં આવ્યા હતા. જયા તેમનું સારવાર બાદ મોત થતા મૈત્રી કરારની તકરારમાં ખેલાયેલા ખુની ખેલાયો હતો. ત્રણની હત્યાથી લોહીયાળ અંત આવ્યો છે.

બનાવની ગંભીરતાને ધ્યાને લઇને જિલ્લા પોલીસવડા ડો.ગીરીશકુમાર પંડયાએ આપેલી સુચના અનુસાર એલસીબી પીઆઇ જે.જે.જાડેજા સહિતની ટીમે મોરથળા ગામની સીમમાંથી હત્યાના ગુનામાં સંડોવાયેલા મહિલાના કાકાજી સસરા જેશા નરસી સાપરાની ધરપકડ કરી લીધી છે.તેની પુછપરછમાં એવી વિગતો સામે આવી હતી કે જયારે ભાવેશ અને સંગીતાએ મૈત્રી કરાર કર્યા ત્યારે તેમને રૂ.૨.૫૦ લાખ આપવાનું કહ્યું હતું. જે અત્યાર સુધી આપ્યા ન હતા. આથી હુમલો કરીને હત્યા કરાઇ છે. આટલુ જ નહી પરંતુ હત્યાના ગુનાને અંજામ આપવામાં મદદગારી કરનાર વધુ ૩ વ્યકિતના નામ આપ્યા હતા. ભાવેશ વિરૂધ્ધ બોટાદમાં હત્યાનો ગુનો નોંધાયેલો છે. આ ગુનામાં ૪ આરોપી પકડાયા છે . જ્યારે યુવતીનો પૂર્વ પતિ અને ભાઈ ફરાર છે. પડોશીએ ફોન કરી વાડીએ હોવાનું કહ્યું થાનમાં સારસાણા રોડ સીમવાડીમાં ખેલાયેલા હત્યાના બનાવ જ્યાં બન્યો ત્યાં પાડોશમાં વાડી ધરાવતા દેવશીભાઇ સોલંકીએ રાત્રી દરમિયાન ફોન કરી જેશાભાઈને જાણ કરી હતી કે, તમામ લોકો વાડીએ દિવાળી કરવા આવ્યા છે અને રોકાયા છે.

ત્યારબાદ ત્રણેય આરોપીએ આવી હત્યાને અંજામ આપ્યો હતો. પકડાયેલા આરોપીએ મદદગારી કરનાર વધુ ૩ આરોપીના નામ આપ્યા હત્યારા જેશભાઈ નરશીભાઈ સાપરાની પૂછપરછમાં થાન કેરાળીયા વિસ્તાર વિજળીયા સીમમાં રહેતા




કેસાભાઈ ગેલાભાઈ ઝાલા, થાન મનડાસરની સીમમાં રહેતા રમેશભાઈ ઉર્ફે રંગો વેલાભાઈ કટુડીયા, થાન અભેપર ગામ બાજુ વાડી વિસ્તારમાં રહેતા દેવશીભાઈ સોમાભાઈ સોલંકીએ હથિયાર અને વાહનની વ્યવસ્થા કરી હોવાનું ખૂલ્યું હતું. લગ્નના ૧૦ દિવસ બાદ સંગીતા પીયર ગઈ વરમાધાર રહેતી સંગીતાને નીનામાં ગામના ભાવેશ ઘુઘાભાઈ બજાણીયા સાથે પ્રેમ સબંધ હતો. પરંતુ સંગીતાના લગ્ન વરમાધારના દિનેશ નાનજીભાઈ સાપરા સાથે કર્યા હતા. લગ્નના ૧૦ દિવસ બાદ સંગીતા સાસરીયાનો ત્રાસ હોવાનું કહીને પીયર આવી ગઈ હતી.બાદમાં તેણે છ મહિના પહેલા ભાવેશ સાથે મૈત્રી કરાર કરીને વિછીયા રહેતા હતા. ભાવેશ પત્નીને લઈને પરિવાર સાથે દિવાળી કરવા સારસાણા આવ્યો હતો.

# વકીલની ઓફિસમાં ઘુસી હુમલો કરનાર શખ્સને બે વર્ષની સજા ફટકારતી કોર્ટ

## ૮ હજારનો દંડ અને ફરિયાદીને ૫૦ હજાર વળતર પેટે ચૂકવવા હુકમ; બે મહિલાનો છુટકારો

ગઈ તા.૧૦-૦૫- ૨૦૦૦ના રોજ સવારે એડવોકેટ વજુભાઈ ડાયાભાઈ થોરીયા નાના મવા રોડ ઉપર રાજનગર ચોક પાસે તેમની ઓફીસમાં કામકાજ કરતા હતા, ત્યારે કનુ કાથડભાઈ રજપુત, ઈન્દુબેન કનુભાઈ રજપુત, વતુબેન કાથડભાઈ આ ત્રણેયે ઓફીસમાં પ્રવેશી વજુભાઈ ઉપર હુમલો કરી માથામાં પાઈપ ઝીં કી ટેબલ ઉપર પડેલ રૂપીયા પાંચસોની લૂંટ ચલાવી ધમકી આપી ભાગી છુટ્યા હતા. જેમાં વકીલ વજુભાઈને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયા હતા. યા તમે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. તેમાં પોલીસે ત્રણેય આરોપીઓ સામે ગુનો નોંધી ધોરણ સરની કાર્યવાહી કરી હતી. તેમજ આ પ્રકરણમાં કોર્ટ દ્વારા જ્યુડિશિયલ ઈન્કવાયરી કરવામાં આવેલ અને ત્યાર બાદ કોર્ટ દ્વારા આ કેસમાં ગુનો નોંધવામાં આવેલ, તેમાં કોર્ટે મેડીકલ પુરાવો એ નજરે જોનાર સાહેદની સમકક્ષ માનેલ, તેમજ હોસ્ટાઇલ થયેલા પંચના સાહેદ ધીરૂભાઈ ડકુભાઈ ગોહેલ બાબતે નસ્ત્રહોસ્ટાઈલ સાહેદનો પુરાવો અવગણી શકાય નહીંથ એ મતલબના સુપ્રીમ કોર્ટના ચુકાદાને માનવો જોઈએ એવી રજૂઆત કરવામાં આવી હતી, જે ધ્યાને લઈ જજ એમ.જી શાહે આ કેસમાં આરોપી કનુ કાથડભાઈ રજપુતને બે વર્ષની સજા અને ૮,૦૦૦ દંડ, ફરિયાદીને રૂ.૫,૦૦૦ વળતર ચુકવવા તેમજ અન્ય બે મહિલા આરોપીને છોડી મૂકવા હુકમ કર્યો છે.

# કુબલીયાપરામાં કળયુગના શ્રવણનો પિતા પર છરી વડે હુમલો

કુબલીયાપરામાં રહેતા યુવાને તેના સગીર પૂત્ર સામે છરીથી હુમલો કરવા અંગે થોરાળા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે વાપરવાના પૈસા નહી આપતા ગુસ્સે ભરાયેલા પૂત્રએ હુમલો કર્યાની ફરિયાદ આધારે પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. કુબલીયાપરામાં અહેતા જીતુભાઈ વલ્લભભાઈ રાઠોડ ઉ.૩૨એ તેના ૧૭ વર્ષીય સગીર પૂત્ર સામે થોરાળા પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે ગત ૩ તારીખે રાત્રે હું ઘર નજીક પાનની દુકાને બેઠો હતો ત્યારે દીકરો ત્યાં આવ્યો હતો અને વાપરવાના પૈસા માંગતા મેં તેને પૈસા આપવાની ના પાડતા મારો દીકરો બોલાચાલી કરવા લાગ્યો હતો અને મને ગાળો ભાંડી છરી કાઢી માથાના ભાગે છરીના ત્રણ ઘા ઝીકી દીધા હતા તેમજ ચાર-પાંચ ઉંધા ઘા મોઢાના ભાગે મારી દીધા હતા લોહી નીકળવા લાગતા રાડો પડતા તે ભાગી ગયો હતો અને મને હોસ્પીટલે ખસેડતા દાખલ કર્યો હતો આજે રજા આપતા પૂત્ર સામે ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે.

# રૈયા ગામની યુવતિ પર દુષ્કર્મ કર્યાની શંકાએ યુવાન પર બે શખ્સોનો હુમલો

## ભોગ બનેલી યુવતી ગર્ભવતી બનતાં લગ્નની ના પાડતા ઘરમાં ઘુસી તોડફોડ કરી હુમલો; યુવકનાં માતા-પિતા ઘાયલ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રૈયા ગામમાં બહેન સાથે દુષ્કર્મ કર્યાના આક્ષેપ સાથે યુવતિના બે ભાઈઓએ જેના સામે દુષ્કર્મનો આક્ષેપ થયો હોય તેના ઘર ઉપર હુમલો કરી તેના માતા-પિતાને માર મારી ઘરમાં તોડફોડ કરતા સમગ્ર મામલે યુનિવર્સિટી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાતા પોલીસે ગુનો નોંધ્યો છે. અને આ અંગે તોડફોડ કરનાર બન્ને શખ્સોની ધરપકડ કરવા તપાસ શરૂ કરી છે. મળતી વિગતો મુજબ રૈયા ગામમાં જે.કે. ચોક પાસે રહેતા અને ઘરકામ કરતા રંભાબેન ભીખાભાઈ અઘારિયાએ નોંધાવેલ પોલીસ ફરિયાદમાં આરોપી તરીકે રૈયા ગામમાં તેના ઘર નજીક જ રહેતા વાલજી ઉર્ફે પતાળિયો લાલજીભાઈ સાડમિયા અને વનરાજ ઉર્ફે પોઠિયો લાલજીભાઈ સાડમિયાનું નામ આપ્યું છે. રંભાબેને ફરિયાદમાં જણાવ્યા મુજબ તેઓ પોતાના ઘરે હતા ત્યારે પાડોશમાં રહેતા મહિલાએ ઘરની બહાર બે શખ્સો ગાળો બોલતા હોવાનું જણાવતા રંભાબેન બહાર નિકળ્યા હતા. ત્યારે વાલજી અને તેનો ભાઈ વનરાજ ત્યાં ઉભા હતાં રંભાબેન અને તેમના પતિ ભીખાભાઈએ ગાળો બોલવાની ના પાડતા બન્ને ભાઈઓએ રંભાબેનને કહેતા તમારા પુત્ર અર્જુને મારી બહેન સાથે દુષ્કર્મ કર્યું હોય અને હાલ ગર્ભવતી હોય અને હવે લગ્ન કરવાની ના પાડે છે. તેમ કહીને માથાકુટ કરી હતી.

વાલજી અને વનરાજ બન્નેએ લોખંડના સળિયા લઈને ઘરમાં ઘુસ્યા હતા એન રંભાબેન અને ભીખાભાઈ ઉપર હુમલો કર્યો હતો. તેમજ દરવાજામાં તથા ઘરમાં પડેલા ટીવી, ફ્રીજ અને રસોડામાં પડેલા તેલના ડબા તોડફોડ કરી તેલ ઢોળી નાખ્યુ હતું. બન્ને ભાઈઓએ કરેલા હુમલામાં રંભાબેન અને ભીખાભાઈને ઈજા થતાં બન્નેને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. આ મામલે યુનિવર્સિટી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. રંભાબેને પોલીસને જણાવ્યું કે, પોતાનો પુત્ર અર્જુન કે જે હાલ રાજકોટમાં ન હોય તેને વાલજીની બહેન સાથે સબંધ હોય બન્ને વચ્ચે શરીર સબંધ બંધાયો હોય અને જેથી તેની બહેન ગર્ભવતી બની હોય અર્જુને લગ્ન કરવાની ના પાડતા બન્ને ભાઈઓએ હુમલો કર્યો હતો.

# નિવૃત્ત શિક્ષક પાસે રૂા.૫૬ લાખ ખંખેરનાર MBAના છાત્ર સાહિત આઠની ધરપકડ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

ત્રણેક મહિના પહેલાં રાજકોટના નિવૃત્ત શિક્ષકને ડિઝિટલ અરેસ્ટથ કરી રૂ.૫૬ લાખ પડાવી લેનાર ગેંગમાં સામેલ એમબીએના વિદ્યાર્થી સહિત આઠ લોકોને સાયબર ક્રાઈમે સકંજામાં લઈ લીધા હોવાનું જાણવા મળી રહ્યું છે. ચાર મહિના પહેલાં નિવૃત્ત શિક્ષક મહેન્દ્રભાઈ અંદરજીભાઈ મહેતા (ઉ.વ.૭૩)ને વોટસએપ ઉપર એક ફોન આવ્યો હતો જેમાં તેમનું નામ છેતરપિંડીમાં ખુલ્યું હોવાનું કહીને અરેસ્ટ વોરંટ નીકળ્યાની ધમકી આપવામાં આવી હતી. આ પછી ડરી ગયેલા મહેન્દ્રભાઈએ અલગ-અલગ બેન્કમાં ૫૬ લાખ જેવી માતબર રકમ ચૂકવી આપી હતી.

આ અંગેની ફરિયાદ નોંધાતાં જ સાયબર ક્રાઈમ પોલીસ મથકના પીઆઈ બી.બી.જાડેજા સહિતની અને બનાસકાંઠામાં દરોડા પાડીને આઠ લોકોને સકંજામાં લઈ લીધા હતા. સકંજામાં આવેલા શખ્સો પૈકી અમુક




લોકોએ નિવૃત્ત શિક્ષક પાસેથી પડાવેલી રકમને ક્રિપ્ટો કરન્સીમાં કન્વર્ટ કરીને કમ્બોડીયા મોકલી દેવામાં સામેલ છે તો જૂનાગઢનો એક વિદ્યાર્થી કે જે એમબીએનો અભ્યાસ કરી રહ્યો છે તેણે ૧૫,૦૦૦માં પોતાનું બેન્ક એકાઉન્ટ ભાડે આપ્યું હોવાનું ખુલતાં તેની સામે પણ ગુન્હો નોંધવા ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે. જો કે હજુ ધરપકડનો આંક વધશે અને અન્ય શહેરોના આરોપીઓ પણ હાથવેંતમાં હોવાનું પોલીસ સૂત્રો પાસેથી જાણવા મળી રહ્યું છે.

# કોટડા સાંગાણીના યુવાનનો ઝેરી દવા પી આપઘાતઃ અરેરાટી

કોટડા સાંગાણી ગામે રહેતા અને ભુણાવા ગામે કારખાનામાં સુપરવાઈઝર તરીકે નોકરી કરતા યુવાને ઝેર પી આપઘાત કરી લેતા પરિવારમાં ગમગીની છવાઈ જવા પામી છે. જાણવા મળતી વિગત મુજબ કોટડા સાંગાણી ગામે રહેતા અશ્વિનભાઈ ભીખાભાઈ દાફડા (ઉ.વ.૪૨) નામના યુવાને પોતાના ઘરે ઝેરી દવાપી લેતા તેને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હોત. જ્યાં ટૂંકી સારવાર દરમિયાન તેનુ મોત નિપજયુ હતુ આ અંગે કોટડા સાંગાણી પોલીસે જરૂરી કાર્યવાહી કરી વધુ તપાસ હાથ ધરી છે. પ્રાથમિક તપાસમાં મૃતક યુવાન ચાર ભાઈમાં વચેટ અને ભુણાવા ગામે કારખાનમાં સુપરવાઈઝર તરીકે નોકરી કરતો હતો. તેને સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી છે. આ અંગે પોલીસે આપઘાતનું કારણ જાણવા તપાસ હાથ ધરી છે.

# નવયુગપરામાં સસરાના ઘરે જમાઈનો ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ

## અમરેલીના મેઘાપીપળિયાથી આવેલા દંપતી વચ્ચે ઝઘડો થતા પગલું ભર્યું



રામનાથપરાના નવયુગપરામાં સસરાના ઘરે આવેલા મુળ અમરેલીના મેઘાપીપળીયામાં રહેતા યુવાને ઝેરી દવા પી જતા તેમને સારવાર અર્થે હોસ્પીટલે ખસેડવામાં આવ્યો છે. તેમને પત્ની સાથે ઝઘડો થતાં આ પગલું ભરી લીધું. બનાવની પ્રાપ્ત વિગતો અનુસાર અમરેલીના મેઘાપીપળીયા ગામના વતની કિશનભાઈ મોહનભાઈ મકવાણા નામનો ૨૬ વર્ષનો યુવાન બે દિવસથી તેમના પત્ની નેહાબેન સાથે રાજકોટ રામનાથપરાના નવયુગપરામાં રહેતા સસા દિનેશભાઈના ઘરે આવ્યા હતા ત્યારે પત્ની સાથે ચડભડ થતા કિશનભાઈએ ઝેરી દવા પી લેતા તેમને સિવિલ હોસ્પીટલે ખસેડવામાં આવ્યો છે. આ મામલે એ ડીવીઝન પોલીસે તપાસ શરૂ કરી હતી. પરિવારજનોએ જણાવ્યું હતું કે કિશનના ત્રણ વર્ષ પહેલા નેહા સાથે પ્રેમલગ્ન થયા હતા. કિશન બે ભાઈ એક બહેનમાં મોટો છે. તેઓ તહેવાર હોય જેથી રાજકોટ આવ્યા હતા. બન્ને કેટરર્સમાં સાથે કામ કરે છે.